**સુવિચાર**
વાણી કરતાં વર્તનની અસર અનેક ગણી છે. પતન અને ઉત્થાનનો આધાર વાણી અને વર્તનમાં સમાયેલો છે. 'વાણી અને વર્તનમાં એકરૂપતા હોવા જોઈએ.'
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૧૧/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ કારતક સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૮૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## ગામજનોને છેલ્લા ૧૦ વર્ષથી વચનો સિવાય કાંઈ મળતુ નથી

# લીલીયામોટામાં ભૂગર્ભ ગટરનો પ્રશ્ન ૧૦ વર્ષથી અધ્ધરતાલ

**વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં ગાણા વચ્ચે વહીવટી તંત્રનાં કામોમાં ગતિનો જ અભાવ**

**નાના એવા ગામનો મહત્વનો ગટરનો પ્રશ્ન ઉકેલવામાં પણ એક દાયકો પસાર થયો**

**સરપંચથી લઈને સાંસદ કક્ષાનાં પદાધિકારીઓ ગામજનોની મુશ્કેલી દૂર કરવામાં નિષ્ફળ**

**કોંગ્રેસ પક્ષ દ્વારા ૧૦ દિવસમાં કામ શરૂ ન થાય તો ગટર બુરવાની ચીમકી અપાઈ**





લીલીયા, તા. ૧૪

લીલીયા મોટા ગામે ગટરનો પ્રશ્ન વર્ષોથી ચાલે છે. વેપારીઓ, રાહદારીઓ, ગ્રામ્યજનતા, વિદ્યાર્થીઓ, મુસાફરો ત્રાહિમામ પોકારી ગયા છે. ગામ લોકો નર્કની યાતના ભોગવી રહયા છે. અનેક રજુઆતો કરવા છતાં કોઈ જાતની કામગીરી થતી નથી. ભુગર્ભ ગટરના રૂપિયા–દસ કરોડ મંજુર થયેલ છે. ત્રણવાર ટેન્ડર પ્રક્રિયા કરેલ ત્યારે માંડ માંડ એક કોન્ટ્રાકટર આવેલ છે. તા. ૮/૫/૨૦૨૪નો વર્કઓર્ડર મળેલ છે તેવુ જાણવા મળેલ છે પરંતુ કોઈ પ્રકારનુ કામકાજ શરૂ કરેલ નથી. કામકાજ કેમ શરૂ થતુ નથી? અથવા સરકાર દ્વારા ખોટા વાયદા કરવામાં આવે છે. જો દિન–૧૦માં કોઈ નકકર કામગીરી કરવામાં નહી આવે તો જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ.આર.ત્રિવેદી સહિત કોંગ્રેસ સમિતિ દ્વારા આંદોલનનો માર્ગ લેવામાં આવશે. ૧૦ દિવસ બાદ મામલતદાર કચેરી સામે ઉપવાસ આંદોલન કરવામાં આવશે. તો પણ સરકાર તરફથી કોઈ કામગીરી કરવામાં નહી આવે તો ગામ લોકોનો સહકાર લઈને ગટર બુરવાની કામગીરી કરવામાં આવશે. હવે ગટરના પ્રશ્ને ઉગ્ર આંદોલન થશે.

## અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનામાં વધારો

# બાબરાનાં તાઈવદર ગામ નજીક અજાણ્યા વાહને હડફેટે લેતા બાઈક સવારનું મોત નિપજયુ

**અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૪

બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા રાજુભાઈ વિરજીભાઈ આહલગામાના ભત્રીજા ભાવેશભાઈ ભરતભાઈ આહલગામા (ઉ.વ. ૧૮) તા.૧૨ ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે પોતાના હવાલાની કાળા કલરની મોટર સાયકલ નં. જી.જે–૨૩ એ.એસ.–૦૧૩૮નીલઈ બાબરાથી ખંભાળા તરફ જતા હોય. તે દરમ્યાન તાઈવદર ગામના પાટીયા નજીક પહોંચતા કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ભાવેશભાઈ ભરતભાઈ આહલગામાને હડફેટે લઈ માથાના ભાગે તેમજ જમણા પગના સાંથળના ભાગે તેમજ શરીર ઉપર ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી અજાણ્યો વાહન ચાલક વાહન લઈ નાસી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

અમરેલી એકસપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી

## સમગ્ર જિલ્લામાં શર્મસાર કરતી ઘટનાથી ચકચાર

# ખાંભા પંથકની નિર્દોષ બાળકી સાથે હવસખોર સગ્ગા કાકાએ દુષ્કર્મ કર્યુ અને કાકીએ મદદ કરી

**સ્થાનિક પોલીસે ગણતરીની મિનિટોમાં બંને આરોપીને દબોચી લીધા**





તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૪

અમરેલી જિલ્લામાં શર્મસાર ઘટના પ્રકાશમાં આવી છે. ખાંભા પંથકમાં એક ગામની ૩ વર્ષ અને ૧૧ મહિના ૭ દિવસની બાળકી ઉપર હવસખોર સગ્ગા કાકા અને કાકી દ્વારા દુષ્કર્મ આચર્યાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા અલગ અલગ દિશામાં પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ ઘટનામાં રહેણાંક વિસ્તારમાં બાળકીને ચોકલેટ આપવાની લાલચ આપી રૂમમાં બોલાવી સગા હવસખોર કાકા દ્વારા દુષ્કર્મ આચર્યુ. બાળકીની કાકી દ્વારા બાળકીને પકડી રાખવા માટે સહિતની મદદગારી કરતા પોલીસે બંને સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુન્હાની વિગત એવા પ્રકારની છે કે, ગઈ તા. ૬/૭/૨૦૨૪નાં રોજ આ કામે ભોગ બનનાર ઉ.વ. ૩ વર્ષ ૧૧ માસ ૭ દિવસ (જન્મ તા. ૬/૧૨/૨૦૨૦) તેમન ઘરે એકલી હાજર હતી તે વખતે આ કામના આરોપી જગદીશભાઈ મનુભાઈ નાગર રહે.

અનુસંધાન પાના ૬ ઉપર

ફ્રી ઓપરેશન • શ્રેષ્ઠ સારવાર • આધુનિક સુવિધા
અકસ્માત ઈજા-ફેકચર | સિઝેરીયન પ્રસુતિ | સારણગાંઠ | વધરાવળ | પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો | રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીવાની ઈજા | એપેન્ડીક્ષ | પિતાશયની પથરી | હરસ-મસા-ફિશર | સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
ફ્રી ડાયાલીસીસ સારવાર
ફ્રી ઓપરેશન
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
■ પથરી,
■ પ્રોસ્ટેટ,
■ કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
■ પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
■ તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## જુનાગઢ પરિક્રમા માટે એકપણ એક્સ્ટ્રા બસ શરૂ ન કરાઈ

# બગસરા : એસ.ટી. ડેપો દ્વારા ધડાધડ રૂટ બંધ કરાતા રોષ

**મજબૂરીવશ મુસાફરોને ખાનગી વાહનમાં મુસાફરી કરવાનાં દિવસો આવ્યા**

**વિભાગીય નિયામક સુધી ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહી**

**રાજકોટ તરફ આવન–જાવન વધુ પ્રમાણમાં હોવા છતાં જુના રૂટ બંધ કરી દેવાયા**

**ધારાસભ્ય અને સાંસદે મુસાફર વર્ગની મદદમાં આવવું જોઈએ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરાએસ.ટી.ડેપોદ્વારા બગસરાથી રાજકોટ તરફ જતા રૂટ આડેધડબંધકરીદેવામાંઆવતાલોકોની મુશ્કેલીમાં વધારો થયો છે ઉપરાંત પરિક્રમાના સમયમાં બગસરાથી એક પણ એક્સ્ટ્રા બસ મુકવામાં ન આવતા લોકોહેરાનથયાહતા.

બગસરાએસ.ટી.ડેપોદ્વારા લોકોને હેરાન કરવા માટેનું બીડુ ઝડપી લીધું હોય તેવું ફલિત થઈ રહ્યું છે. બગસરાથી રાજકોટ જવાના સવારથી લઈસાંજસુધીનાસંખ્યાબંધરૂટકોઈપણ જાહેરાતવિનાઅચાનકબંધકરીદેવામાં આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બગસરાથી અનેક વેપારીઓ રાજકોટ ખરીદી માટે જતા હોય છે તેવા સમયે એસ.ટી. દ્વારા રૂટ બંધ કરી દેવામાં આવતાવેપારનેપણઅસરથઈરહીછે. આઉપરાંતતહેવારોનાસમયમાંતેમજ વેકેશન ખુલી રહ્યું હોય તેવા સમયે બગસરાથીઅસંખ્યવિદ્યાર્થીઓરાજકોટ અભ્યાસ માટે પરત જવાના હોય દરેક માટે હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત પરિક્રમાના સમયમાં મોટાભાગના એસ.ટી. ડેપો દ્વારા જૂનાગઢ માટે એકસ્ટ્રા બસ દોડાવવામાંઆવીરહીછેત્યારેબગસરા ડેપોદ્વારાએકપણએક્સ્ટ્રાબસમુકવામાં ન આવતા લોકોને પરિક્રમામાં જવામાં પણઅન્યડેપોનીબસોમાંઉભાઉભાજવું પડતુંહોવાથીરોષદેખાઈરહ્યોહતો. આ બગસરા ડેપો દ્વારા લોકોને સુવિધાને બદલે દુવિધા આપવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. આ બાબતે ઉચ્ચ અધિકારીઓદ્વારાયોગ્યકરવામાંઆવે તેવીમાંગઉઠીછે.

---

### જુનાગઢ ખાતે ભવનાથ તળેટીમાં ચેકીંગ દરમિયાન

## અમરેલીનાં એસ.ટી. વિભાગનાં કર્મચારીઓને 3 મોબાઈલ મળી આવ્યા

**એક મુળ માલિકને મોબાઈલ પરત કરાયો**

અમરેલી, તા. ૧૪

જુનાગઢ ખાતે લીલી પરીક્રમા ચાલી રહી છે ત્યારે લાખોની સંખ્યામાં લોકો ઉત્સાહભેર જોડાયા છે. જેને લઈ મુસાફરોની સગવડતા માટે જુનાગઢમાંઆવેલભવનાથતળેટીખાતે ખાતે અમરેલી એસ.ટી. વિભાગના લાઈનચેકિંગટીમનાડી.એચ.નિમાવત (ટી.આઈ.), અયુબખાન પઠાણ (એ.ટી.આઈ.), રાજેન્દ્રસિંહ વાળા (એ.ટી.આઈ.) તથા રાહુલભાઈ ટી. વાળા (એસ.ટી. ડિવિઝન અમરેલી) સહિતફરજપરહતાત્યારેઆયાત્રામાં જોડાયેલાયાત્રીપૈકીઅલગઅલગ૧૫ થી૨૦હજારનીકિંમતનાત્રણએન્ડ્રોઇડ મોબાઈલ તથા એક પાકીટ આ ટીમને મળીઆવેલહતા.



આ મળી આવેલ કિંમતી સામાનપૈકીએકમોબાઈલફોનતેનામૂળ માલિકઅમદાવાદનાઉમરાળાતાલુકો રાણપુર ગામે રહેતા રાગવાણી રમેશભાઈનારાયણભાઈને શોધીકાઢી આઅમરેલીએસ.ટી.વિભાગનાલાઈન ચેકિંગટીમે તેમને એક મોબાઈલ પરત કરવામાં આવેલ હતો. હજુ બે મોબાઈલના માલિક અંગે ખરાઈ કરવાની બાકી છે. જેના મૂળ માલિકને શોધવાનીકામગીરીકરીઅનેતેમનેપણ મોબાઈલફોનપરતકરવામાંઆવશેતેમ એકયાદીમાંજણાવાયુંછે.આવીઉત્તમ કામગીરી કરવા બદલ એસ.ટી. અધિકારીઓએ આ ટીમને બિરદાવી હતી.

---

### એડવોકેટ માધડની દલીલો સફળ

## અમરેલી તાલુકા પો.સ્ટેનાં ગુન્હામાં આરોપી નિર્દોષ

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાંકેરીયા નાગસના રાજરતિ તથા શનિ વલ્લભભાઈ ગાંગડીયા સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. જે કેસ અમરેલી ચીફ કોર્ટમાં ચાલી જતા બન્ને આરોપીઓને નિદોર્ષ છુટકારો થયેલ છે.

આ બનાવની વિગત એવી છે કે તા. ૨૭/૬/૨૩ રોજ સાંજના ૧૮:૩૦ કલાકે આ કામના આરોપી નં. ૧ના ફરીયાદીના ઘર પાસે અવાર નવાર નીકળતા હોય જે ઘરની સામે જોતા હોવાથી આ કામના ફરીયાદીઓ આરોપીઓને ઠપકો આપેલ જેથી આરોપીને સારૂ લાગેલ નહી અને આરોપી તથા તેના પીતાએ ફરીયાદીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને આરોપીએ ફરીયાદીને પોતાના હાથમાં રહેલ લાકડાનો એક ઘા કપાળમાં મારી દઈ ફરીયાદીને ત્રણ ટાંકા આવેલ માર મારેલ જે બાબતની અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ દાખલ થયેલ.

જે કામે આરોપી તરફે એડવોકેટ આર.ડી. માધડ દ્વારા આરોપીઓના વકીલ તરીકે રોકાયેલ અને બચાવ લઈ બન્ને આરોપીઓનો કેસ ચલાવી આરોપીને નિર્દોષ છોડાવેલ જે કામે એડવોકેટ આર.ડી.માધડ, ઉત્પલ માધડ તથા બાલમુકુંદ સોહલીયા રોકાયેલ હતા.

---

### એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો સફળ

## લીલીયામોટા : ક્રિષ્ના કો.ઓ.સો.નાં બાકીદારને ચેક રીટર્ન કેસમાં ૨ વર્ષની સજાનો હુકમ

**ચેકની રકમ જેટલો દંડ અને વળતર ચુકવવા આદેશ**

લીલીયા મોટા, તા. ૧૪

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) અજયભાઈ મગનભાઈ ચૌહાણ સાઈનાથ પ્લોટ રહે. લીલીયા (૨) અજયભાઈ રમેશભાઈ ડાભી રહે. મફતપ્લોટ લીલીયા (૩) નિતીનભાઈ રમેશભાઈ ડુંગરીયા રહે. રાહત પ્લોટ મુ. લીલીયા વાળા આ બાકીદાર સામે મંડળીના મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી



ફરીયાદ દાખલ કરતા અને કેસ ચાલી જતા અને પાઠકની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી અદાલત દ્વારા ત્રણેય બાકીદારોને બે વર્ષની સાદી કેદની સજા કરવામાં આવેલ કરવામાં આવેલ અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. અને વળતર નચુકવેતો વધુ ૬ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે. આમ સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આમ એક જ મંડળી એક સાથે સજા થતા લીલીયા શહેરના બાકીદારોમાં સન્નાટો છવાયો હતો.

---

### નવેમ્બર તા. ૧૭, તા. ૨૩ અને તા. ૨૪ એ યોજાશે ખાસ ઝુંબેશ

## જિલ્લાના ૧,૩૭૧ મતદાન મથકો ખાતે સવારે ૧૦થી સાંજે ૫ સુધી નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાં આવશે

**મતદારયાદીમાં નોંધાવવા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની જાહેર અપીલ**

અમરેલી, તા. ૧૪

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા. ૧/૧/૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણાકાર્યક્રમ૨૦૨૫જાહેરકરવામાં આવ્યોછે.તા.૦૧.૦૧.૨૫નીસ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાંપોતાનાનામનીનોંધણી કરાવી શકશે, મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારાકરાવીશકશે. નવેમ્બર૨૪નીતા. ૧૭/૧૧/૨૪ રવિવાર, તા. ૨૩/૧૧/૨૪ શનિવાર, તા. ૨૪/૧૧/૨૪ રવિવારના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ઉપસ્થિત રહી મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાંઆવશે. નામનોંધણીમાટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ www. voterportal. eci.gov.in, BLO App, ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવો.

દેશના યુવા નાગરિકો કે જે અમરેલી જિલ્લામાં વસવાટ કરે છે તે તમામ નાગરિકોએ તેમનું નામ મતદારયાદીમાં નોંધાવવા અમરેલી જિલ્લાચૂંટણીઅધિકારીઅનેકલેકટરએ એક અખબારી યાદીમાં જાહેર અપીલ કરી છે.

---

## નેસડી ગામે તુલસી વિવાહ યોજાયા



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલાતાલુકાનાનેસડી ગામે તુલસી વિવાહનું સુંદર આયોજન પેથાણીપરિવારદ્વારાકરવામાંઆવ્યુંહતુ. નેસડીગામના સવજીભાઈ રણછોડભાઈ પેથાણી દ્વારા તુલસી વિવાહનું આયોજન કરવામાંઆવેલહતુ. ગામનામુખ્યચોકમાં આવેલ રામજી મંદિર એટલે કે ચોરાના ઠાકોરની જાન જોડીને ગામ લોકો સવજીભાઈ પેથાણીને આંગણે ઠાકોરજીને પરણાવવા પધાર્યાહતા. જેમ દીકરીના લગ્ન કરે એમ સંપૂર્ણ રીત રસમસાથે ભોજન સમારંભ પણ યોજીને સવજીભાઈ પેથાણીને પોતાના આંગણે તુલસી વિવાહના રૂડા અને માંગલિક અવસરનોઅનેરોલ્હાવોપ્રાપ્તથયોહતો.

---

### ધારાસભ્ય અને સાસંદની જહેમતથી

## ભૈ વાહ : લાઠીનાં રામપર, નાના રાજકોટ સહિતનાં માર્ગો માટે રૂપિયા ૯ કરોડ મંજુર

**સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ**

લાઠી, તા. ૧૪

લાઠી વિસ્તારના ગ્રામ્ય કક્ષાના રોડ રસ્તાઓ સુંદર અને રણીયામણાં બની રહે તે માટે લાઠી બાબરાના લોકપ્રતિનિધિ જનકભાઈ તળાવીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા બન્નેની જહેમત રંગ લાવી અને ૯ કરોડ જેટલી માતબાર રકમ વડે લાઠી તાલુકાના ગામડાંઓના રોડ રસ્તાઓ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માંથી મંજુર થતાં ગ્રામીણ ગામોના ખેડુતો, માલધારીઓએ ગામડાંઓ પ્રત્યેની ભાવનાની કદર કરવાની સંરચના કરવામાં આવીછે. લાઠી બાબરા વિસ્તારમાં ચુંટાઈ આવ્યા બાદ હમેંશા ગાંધીનગરથી વિકાસના કામોની સરવાણી ચાલુ રહી છે. રાજયભરમાં ભાજપની વિકાસશીલ સરકાર વિકાસની અનેરી ભેટ આપી રહી છે. ત્યારે પોતાના મત વિસ્તારમાં કામો લાવવાની અનેરી કુશળતાના કસબીએ પોતાના મત વિસ્તારના રોડ રસ્તાઓ તાત્કાલિક રિસરફેસ થાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ, જે અન્વયે ૨૨ ઓકટોબર ૨૪ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા લાઠી તાલુકાના રામપર, નાના રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં રોડ માટે કુલ ૧૦ કીમી સુધીના પાકા ડામર રોડને રીસરફેસ કરવા માટે રૂપિયા ૯ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે આ રકમમાંથી લાઠી તાલુકાના રામપર, નાના રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં રોડને રીસરફેસ કરવામાં આવશે, આ રીસરફેસીંગ કામગીરી સાથે સ્ટ્રેથનીંગની કામગીરી (પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ) તેમજ ગામતળ વિસ્તારમાં જરૂર જણાય ત્યાં સી.સી.રોડની કામગીરી પણ કરવામાં આવશે.

---

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૨ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૨ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ–ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી તથા સરકારી આયુર્વેદ દવાખાનું–સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું–જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા, અને ડોકટરો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ. ડો. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું. પી. એમ.–૨ ના આર્થીક સહયોગથી શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલાએ કરી હતી. જે પૈકી ૨૬ દર્દીઓને શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં તથા અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. હેતલબેન તથા પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

## શાકભાજી, ખાદ્યતેલ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવ આસમાને

# મોંઘવારીએ મધ્યમવર્ગની મુસીબતમાં કર્યો વધારો

"બહુત હુઈ મહેંગાઈ કી માર"નાં નારા સાથે સત્તારૂઢ થયેલ ભાજપનાં શાસનમાં મોંઘવારી કુદકેને ભુસકે વધી રહી છે

મધ્યમવર્ગનાં પરિવારનો મોભી એક છેડો સાંધે તો ૧૩ સાંધા તૂટી રહ્યા છે

દિવાળીનાં તહેવારોમાં મધ્યમવર્ગનાં ઘરેલું ખર્ચમાં પણ થયો વધારો

કારમી મોંઘવારીનાં લીધે મધ્યમવર્ગ ખાદ્ય સામગ્રી ખરીદવામાં પણ મુશ્કેલી અનુભવે છે



પ્રતિકાત્મક તસ્વીર


અમરેલી, તા. ૧૪

"બહુત હુઈ મહેંગાઈ કી માર" "અબ કી બાર મોદી સરકાર" નાં નારા સાથે ભાજપ દેશમાં વર્ષ ૨૦૧૪માં સત્તા રૂઢ થયા બાદ છેલ્લા ૧૦ વર્ષમાં લગભગભ તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૩૦ થી લઈને ૧૦૦ ટકા વધારો થઈ ચુકયો છે. જેની સામે કરોડો પરિવારની આવકમાં નજીવો વધારો કે ઘટાડો પણ થયો છે.

તાજેતરમાં નવરાત્રિ, દશેરા, દિવાળીનાં પર્વમાં દેખાદેખી કે તહેવારને અનુલક્ષીને મધ્યમવર્ગને જબ્બરો ખર્ચ ભોગવવો પડયો છે અને દેશમાં સૌથી વધુ જનસંખ્યા ધરાવતાં મધ્યમવર્ગનાં પરિવારનો મોભી એક સાંધે તો તેર તૂટેની સ્થિતિમાં આવી ચુકયો છે.

શિક્ષણ, આરોગ્ય, પરિવહન તો ઠીક પરંતુ શાકભાજી, ખાદ્યતેલ, ફ્રૂટ કે અન્ય જરૂરી ચીજવસ્તુઓનાં ભાવ આસમાને પહોંચી ગયા છે અને એક સમયે ડુંગળીમાં થયેલ ભાજપ વધારાએ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને પરાજય આપેલ અને પછી હજુ સુધી દિલ્હી વિધાનસભામાં ભાજપ શાસન સ્થાપી શકયુ નથી.

વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં અગાઉ હંમેશા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ખેડૂતોનાં પ્રશ્નો ઉજાગર થતાં હતા. પરંતુ દેશમાં મોંઘવારીને લઈને મોટાભાગનું મીડિયા જગત ચર્ચા કરવા તૈયાર નથી અને સત્તા પક્ષ પણ મોંઘવારીને હવે ગંભીર પ્રશ્ન માનતો નથી.

મધ્યમ વર્ગને કોઈપણ અથંતત્રનો અધાર માનવામાં આવે છે. આ જ આધાર ભારતમાં મોંઘવારીનો સામનો કરી રહ્યું છે. મોંઘવારીને કારણે શહેરી વિસ્તારોમાં લોકો માત્ર ખાદ્ય ચીજવસ્તુઓ પર જ નહીં પરંતુ બિસ્કિટ અને ફાસ્ટફુડ જેવી સામાન્ય રોજીંદી વસ્તુઓ પર પણ ખર્ચ ઓછો કરી રહ્યા છે. આનાથી માત્ર બજારને જ અસર નથી થઈ રહી, પરંતુ દેશની આર્થિક વૃદ્ધિ પણ સવાલોના ઘેરામાં આવી રહી છે. કોવિડ રોગચાળાથી, ભારતની અર્થવ્યવસ્થા મુખ્યત્વે શહેરી વપરાશ પર નિર્ભર રહી છે, પરંતુ હવે આ પરિસ્થિતિ બદલાતી જોવા મળી રહી છે.

આ આંકડા પરથી સમજી શકાય છે કે નેસ્લે ઈન્ડિયાએ ૨૦૨૦ પછી પ્રથમ વખત આ કવાર્ટરમાં તેની આવકમાં ઘટાડો નોંધાવ્યો છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ નેસ્લે ઈન્ડિયાના ચેરમેન સુરેશ નારાયણનનું માનવું છે કે આ ફેરફારનું મુખ્ય કારપણ મધ્યમ વર્ગનું સંકોચાઈ જવું છે. તે કહે છે, એક મોટો ઉચ્ચ વર્ગ છે જે ભારે ખર્ચ કરે છે, પરંતુ મધ્યમ વર્ગ, એફએમસીજી કંપનીઓનું મુખ્ય બજાર હતું. હવે સંકોચાઈ રહ્યો છે.

**મોંઘવારી અને મધ્યમ વર્ગના વધતા પડકારો**

ભારતીય મધ્યમ વર્ગ માટે કોઈ સત્તાવાર રીતે વ્યાખ્યાયિત આવક શ્રેણી નથી, પરંતુ તે ભારતની ૧.૪ અબજ વસ્તીના ત્રીજી ભાગ તરીકે ગણવામાં આવે છે. આ વર્ગ આર્થિક પ્રવૃતિઓમાં મહત્વની ભૂમિકા ભજવે છે અને દેશના વિકાસ દરને અસર કરે છે. આ વર્ગ માત્ર આર્થિક જ નહીં પરંતુ રાજકીય દષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મધ્યમ વર્ગની નારાજગીની અસર આ વર્ષની ચૂંટણીમાં ભાજપની આગેવાનીવાળી સરકારની કામગીરી પર જોવા મળી હતી. પગારમાં ઓછો વધારો અને પર્સનલ લોન વિલન છે

ભારતની અર્થવ્યવસ્થા ૭.૨ વધવાનો અંદાજ છે, જે તને વિશ્વની અન્ય મોટી અર્થ વ્યવસ્થાઓમાં સૌથી ઝડપી બબનાવે છે. પરંતુ શહેરી વિસ્તાઓમાં ઘરેલું વપરાશનું ઘટતું સ્તર આર્થિક વિકાસ પર પ્રશ્ન ચિન્હ ઊભુ કરી રહ્યું છે. સિટીબેંકના જણાવ્યા અનુસાર ઓકટોબર ૨૪ના શહેરી વપરાશ બે વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો.

સિટીબેંકના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ સમીરન ચક્રવર્તીના જણાવ્યા અનુસાર, કેટલામ ઘટાડો અસ્થાયી હોઈ શકે છે, પરંતુ મુખ્ય પરિબળો હજુ પણ અનુકૂળ નથી. ચક્રવર્તીના જણાવ્યા અનુસાર શહેરી ભારતીયોની ઓછી વેતન વૃદ્ધિ અને વ્યકિતગત લોન પરના કડક નિયમોને કારણે વપરાશ પર નકારાત્મક અસર પડી છે.

**ગ્રાહક પસંદગીઓમાં ફેરફાર**

સરેરાશ ફુગાવાનો દર ૫ ટકા રહ્યો છે. પરંતુ ખાદ્ય ફુગાવો ૮ ટકાથી ઉપર છે. ઓકટોબર ૨૪માં છુટક ફુગાવો ૬.૨ ટકાના ૧૪ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો, જેમાં ખાદ્ય ફુગાવો ૧૦.૯ ટકા પર પહોંચ્યો હતો. નોમુરાના અહેવાલ મુજબ તહેવારોની સિઝન દરમિયાન છૂટક વેચાણમાં માત્ર ૧૫ ટકાનો વધારો નોંધાયો હતો, જે ગયા વર્ષની વૃદ્ધિ કરતાં લગભગ અડધો છે.

ઈકોનોમિક ટાઈમ્સના આ જ અહેવાલમાં દિલ્હીની રહેવાસી રાજવંતી દહિયાનું નિવેદન આપવામાં આવ્યું છે, જે તેના પતિના માસિક પેન્શન પર નિર્ભર છે. રાજવંતી કહે છે, અમે આ તહેવાર પર વધારે ખર્ચ કર્યો નથી. અમારી બચત હવે ઘણી ઓછી થઈ ગઈ છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા માને છે કે ગ્રામીણ માંગ અને સેવા ક્ષેત્રની મજબૂતાઈમાં સુધારાને કારણે જીડીપીમાં ૭.૨% વૃદ્ધિ શકય છે. આ સિવાય સરકાર દ્વારા સારા રોકાણને માંગમા સુધારો થવાની સંભાવના છે. પરંતુ કેટલાક અર્થશાસ્ત્રીઓ આ વિશે એટલા ચોકકસ નથી અને જીડીપી વૃદ્ધિ ૬.૮ હોવાની અંદાજ લગાવે છે.

### ભયજનક માર્ગથી વાહનચાલકો પરેશાન

## જસવંતગઢ ગામ તરફ જતા માર્ગ ઉપર પસાર થવાનું હોય તો વીમો ઉતારો

### વિકાસની ગુલબાંગો ફેંકવાનું છોડી વિકાસ કરવો જરૂરી

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં જશવંતગઢ ગામનોપ્રવેશવાનોરોડજેખુબજખરાબ અનેબિસ્માર હાલતમાંછે.એટલોખરાબ છેકેગામખાડામાંછેકેખાડામાંગામછેતે ખબરજપડતીનથી,રસ્તોશોધ્યોજડતો નથીલોકોવારંવારઅકસ્માતનોભોગબને છે, ધૂળિયો અને ખાડાવાળો રસ્તો બની ગયેલછે.આખરાબરસ્તાનેકારણેઅહીંથી પસારથતાવીસહજાર કરતાવધારેલોકો હેરાન-પરેશાન થાય છે અને જીવના જોખમે રસ્તા પર ચાલીને મુશ્કેલીનો સામનો કરે છે. અહિ આ રોડ પર આજુબાજુનાગામનાલોકોપણઅમરેલી જવામાટેઆરોડ-રસ્તાનોઉપયોગકરે છે. ગૌશાળાપાસેઆવેલબેઠાપુલપરથી પાણીવહેછેજયાંશેવાળજામવાથીલોકો વારંવાર ગાડીસ્લીપથતાપડીજાયછે.

વિકાસની વાતો અને વિ આખામાં ઢોલ પીટતી આ ગુજરાત સરકારના અધિકારી અને મંત્રીઓએ વિકાસ કેવો કરેલ છે તે અહિ આવેલ જશવંતગઢઅનેઅમરેલીહાઈવેનોરોડ જોઈને કહેવું જોઈએ કે વિકાસ આને કહેવાય છેલ્લા ત્રણ વર્ષથી અહીંના નાગરિકોને આ બિસ્માર અને ખરાબ હાલતમાં આવેલ રસ્તાના કારણે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અહિરહેતાઅનેવસવાટ કરતાતેમજઆ રોડ પર પસાર થઈ રહેલા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે પણ વાયબ્રન્ટ સરકારના પેટનુંહલતુંનથી.

### રાત્રિનાં સમયની ઘટના

## બાબરામાં તીનપત્તીનો જુગાર રમતા ૫ ઈસમોની અટકાયત

અમરેલી, તા. ૧૪

બાબરા ગામે રહેતા અશરફભાઈ રહેમાનભાઈ પરમાર, સમીરભાઈ રહીમભાઈ ઉર્ફે ગમાભાઈ મેતર, રફીકભાઈ અલારખભાઈ મેતર, નીશારભાઈ કાદરભાઈ મેતર તથા સાબીરભાઈ હનીફભાઈ સૈયદ નામના પાંચેય ઈસમો તા.૧૨ ના રાત્રીના ૧૩:૫૫ વાગ્યે બાબરા ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હોય. આ અંગે બાબરા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦૩૦૦ તથા જુગાર લગત મુદ્દામાલ સાથે પાંચેય ઈસમો ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલછે.

## અમરેલીમાં પાણી પુરવઠા માટે ૯૬૬૨૫ ૩૬૮૨૪ પર સંપર્ક કરવો

અમરેલી, તા. ૧૪

અમરેલીજિલ્લાનીતારવાડી વોટરવર્કસ સંસ્થા ખાતે પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થાની પૂછપરછ તથા ફરિયાદમાટેજૂનાસી.યુ.જી.નં.૯૬૬૨૫ ૩૬૮૩૫ બંધ થયા છે. આથી હવેથી તે પૂછપરછતથાફરિયાદમાટેનવાસીયુજી નંબર ૯૬૬૨૫ ૩૬૮૨૪ અને લેન્ડલાઈનનં.(૦૨૭૯૨)૨૨૨૧૪૪પર સંપર્કકરવો,તેમઅમરેલીનગરપાલિકા ચીફઓફિસરએએકઅખબારીયાદીમાં અનુરોધ કરતા જણાવ્યુછે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### આ વર્ષે ટેક્સ કલેક્શનમાં ૧૫ ટકાથી વધુનો વધારો

# કરદાતાઓએ બનાવ્યો રેકોર્ડ, દર કલાકે ૨૨૫ કરોડ ટેક્સ ભરાયો

## છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે : દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે રેકોર્ડ બનાવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૪

દેશના તમામ કરદાતાઓ તેમની જવાબદારી સારી નિભાવી રહ્યાં છે. દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે સતત રેકોર્ડ બનાવી રહ્યા છે. જો આપણે આંકડાઓની વાત કરીએ તો વર્તમાન સમયમાં એટલે કે નાણાકીય વર્ષના ૨૨૪ દિવસમાં દર કલાકે સરેરાશ ૨૨૫ કરોડ રુપિયા જમા થયા છે. એટલે તે ૭ મહિના અને ૧૦ દિવસમાં ૧૨ લાખ કરોડ રુપિયાથી વધુનો ટેક્સ જમા થયો છે. જેમાં રુપિયા ૫ લાખ કરોડથી વધુ કોર્પોરેટ ટેક્સ અને રુપિયા ૬.૫૦ લાખ કરોડથી વધુ નોન – કોર્પોરેટ ટેક્સનો પણ સમાવેશ થાય છે. તો આજે આપણે જાણીશું કે આજે આ વર્ષે સરકારની તિજોરીમાં કેટલા રુપિયા રોકાયા છે?

આ વર્ષે ભારતમાં ૧ એપ્રિલથી ૧૦ નવેમ્બરની વચ્ચે નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૫.૪૧ ટકા વધ્યુ છે એટલે કે ૧૨.૧૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT)ની આપેલી માહિતી મુજબ તેમાં રુપિયા ૫.૧૦ લાખ કરોડનો ચોખ્ખો કોર્પોરેટ ટેક્સ અને ૬.૬૨ લાખ કરોડ રુપિયાનો નોન-કોર્પોરેટ ટેક્સ એટલે કે વ્યક્તિ, HUF, પેઢીઓ દ્વારા ચૂકવવામાં આવેલા કર સહિતનો સમાવેશ થાય છે. આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલથી નવેમ્બર ૧૦ દરમિયાન ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૧.૨૦ ટકા વધીને ૧૫.૦૨ લાખ કરોડ રુપિયા થયું છે.

આ સમયગાળા દરમિયાન ૨.૯૨ લાખ કરોડ રુપિયા રિફંડ જાહેર કરવામાં આવ્યા હતા, જે એક વર્ષ અગાઉ કરતાં ૫૩ ટકા વધુ છે. રિફંડ માટે એડજસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (જેમાં કોર્પોરેટ, નોન-કોર્પોરેટ અને અન્ય ટેક્સનો સમાવેશ થાય છે) લગભગ ૧૨.૧૧ લાખ કરોડ રુપિયા છે.

છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રત્યક્ષ કરમાંથી રૂ. ૨૨.૧૨ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જે ગયા નાણાકીય વર્ષ કરતાં ૧૩ ટકા વધુ છે.
સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે કેન્દ્રની કુલ કર આવકને ૩૪.૪ લાખ કરોડ રૂપિયામાં સુધારી હતી. જે નાણાકીય વર્ષ ૨૦૨૪ના બજેટ અંદાજ કરતાં લગભગ ૧ લાખ કરોડ રૂપિયા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંદાજ અંગે સરકારે ૧૧.૭ ટકાના વધારા સાથે ૩૮.૪ લાખ કરોડનું બજેટ કર્યું છે.કરવેરામાંથી આવકના લક્ષ્યાંકને આવકવેરામાં ૧૬.૧ ટકાનો વધારો, કોર્પોરેટ ટેક્સમાં ૧૦.૫ ટકાનો વધારો અને કસ્ટમ ડ્યુટીમાં ૮.૭ ટકાના વધારા દ્વારા સમર્થન મળે છે.નાણાકીય વર્ષ ૨૦૨૪ના સુધારેલા અંદાજની સરખામણીમાં GST કલેકશનનો લક્ષ્યાંક ૧૧ ટકા વધારીને ૧૦.૬ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે.

### MCX ગોલ્ડ રૂ.૯૩૨ અને ચાંદીમાં રૂ.૨,૦૫૩નો કડાકો

# સોનું આજે વધુ ૧૩૦૦ રૂપિયા સસ્તું થયું, ચાંદીમાં રૂ. ૩૫૦૦નો ઘટાડો

## વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું : ચાંદીનો ભાવ ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો

નવી દિલ્હી, તા.૧૪

વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેકસમાં તેજીના કારણે કિંમતી ધાતુમાં કડાકાની અસર સ્થાનિક બજારોમાં પણ જોવા મળી છે. આ સપ્તાહમાં અત્યારસુધીમાં સોના-ચાંદીના ભાવમાં રૂ. ૩૫૦૦નો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. જ્યારે ઓલટાઈમ હાઈથી સોનું રૂ. ૫૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સસ્તુ થયું છે. જે ૩૦ ઓક્ટોબરે રૂ. ૮૨૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે હતું.

અમદાવાદ બુલિયન માર્કેટમાં આજે ગુરૂવારે સોનું વધુ રૂ. ૧૩૦૦ સસ્તુ થઈ રૂ. ૭૬૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થઈ રહ્યું હતું. જ્યારે ચાંદીની કિંમત રૂ. ૩૫૦૦ ઘટી રૂ. ૮૮૦૦૦ પ્રતિ કિગ્રા થઈ હતી. વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું હતું. ચાંદીનો ભાવ ૦.૫૮૮ ડોલર તૂટી ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ફુગાવા તરફી નિર્ણયો લેવાની આશંકા છે. જેના પગલે ડોલર ઈન્ડેક્સ સતત મજબૂત બની રહ્યો છે. યુએસ ટ્રેઝરી યીલ્ડ પણ નવી ઊંચાઈએ પહોંચી છે. યુએસ ડોલર વર્ષની ટોચે ટ્રેડ થઈ રહ્યો છે. પરિણામે કિંમતી ધાતુનો ચાર્મ ઘટ્યો છે. કિંમતી ધાતુમાં હજી ઘટાડાની સંભાવનાઓ કોમોડિટી નિષ્ણાતો જણાવી રહ્યા છે.

એમસીએક્સ ખાતે સોના અને ચાંદીના વાયદામાં કડાકો નોંધાયો છે. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૯૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૩૯૯૬ અને નીચામાં રૂ.૭૩૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૪૪૮૨ના આગલા બંધ સામે રૂ.૯૩૨ના ભાવઘટાડા સાથે રૂ.૭૩૫૫૦ના ભાવ થયા હતા. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૦૧ ઘટી રૂ.૬૦૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૧ ઘટી રૂ.૭૪૮૪ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૫ના ભાવઘટાડા સાથે રૂ.૭૩૫૫૯ના ભાવ થયા હતા.
ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૮૯૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૦૦૦ અને નીચામાં રૂ.૮૬૮૪૪ના મથાળે અથડાઈ, રૂ.૮૯૧૯૭ના આગલા બંધ સામે રૂ.૨૦૫૩ના ભાવઘટાડા સાથે રૂ.૮૭૧૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૦૨૮ ઘટી રૂ.૮૭૦૪૬ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૦૦૯ ઘટી રૂ.૮૭૦૪૮ના ભાવ થયા હતા.

### ભારતે કોરોના કાળમાં કરી હતી મદદ

# ડોમિનિકા પીએમ મોદીને આપશે તેનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન

## મોદીને કોમનવેલ્થ ઓફ ડોમિનિકાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા ઓર્ડર ઓફ ઓનર’થી સન્માનિત કરવામાં આવશે

ડોમિનિકા, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. કોમનવેલ્થ ઓફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા ઓર્ડર ઑફ ઓનર’ એનાયત કરશે. આ પુરસ્કાર કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં પીએમ મોદીના યોગદાન, આ ઉપરાંત ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણમાં આપવામાં આવી રહ્યો છે.

કોમનવેલ્થ ઑફ ડોમિનિકાએ તેના પત્રમાં જણાવ્યું છે કે કોમનવેલ્થ ઑફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા એવોર્ડ ઑફ ઓનર’ એનાયત કરશે. આ એવોર્ડ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં તેમના યોગદાન અને ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણને માન્યતા આપે છે. ગુયાનામાં આગામી ઈન્ડિયા-કેરીકોમ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ સિલ્વાની બર્ટનના હસ્તે આ એવોર્ડ આપવામાં આવશે.

આ પત્રમાં વધુમાં લખાયું છે કે, ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારતે ડોમિનિકાને એસ્ટ્રાઝેનેકા કોવિડ-૧૯ રસીના ૭૦,૦૦૦ ડોઝ પૂરા પાડ્યા હતા. જેનાથી ડોમિનિકા તેના કેરેબિયન પાડોશીઓને મદદ કરી શકે. આ પુરસ્કાર પીએમ મોદીના નેતૃત્વ હેઠળ આરોગ્ય સંભાળ, શિક્ષણ, માહિતી ટેક્નોલોજી અને આબોહવા સ્થિતિસ્થાપકતા નિર્માણ પહેલમાં ડોમિનિકાને ભારતના સમર્થનમાં પણ સ્વીકારે છે.

વડાપ્રધાન સ્કેરિટે વૈશ્વિક આરોગ્ય કટોકટી દરમિયાન પીએમ મોદીના નોંધપાત્ર સમર્થનને હાઈલાઈટ કરીને તેમની એકતા માટે ડોમિનિકાના આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ એવોર્ડ બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધો અને આ ભાગીદારીને આગળ લઈ જવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.
ડોમિનિકન રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટન આગામી ઈન્ડિયા-કેરીકોમ (કેરેબિયન કોમ્યુનિટી) સમિટ દરમિયાન પીએમ મોદીને સન્માન આપશે. આ સમિટ ૧૯ થી ૨૧ નવેમ્બર વચ્ચે જ્યોર્જટાઉન ગુયાનામાં યોજાશે. આ અવસર પર ભારત અને કેરેબિયન દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા પર વિચાર કરવામાં આવશે.

### મહારાષ્ટ્રમાં આઘાડી ટેન્શનમાં

# હવે કોંગ્રેસ પાર્ટીનો પણ મુખ્યમંત્રી પદ ઉપર દાવો

## કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે મધ્ય-ચૂંટણીમાં મુખ્યમંત્રી પદને તેમની પાર્ટીનો અધિકાર ગણાવ્યો હતો

મુંબઈ, તા. ૧૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જાહેરાત પહેલા ઉદ્ધવ ઠાકરેએ માંગ કરી હતી કે મહાવિકાસ અઘાડીએ પહેલાથી જ સીએમ ચહેરા પર નિર્ણય લેવો જોઈએ. ત્યારે કોંગ્રેસ અને શરદ પવારે કહ્યું કે અત્યારે ચૂંટણી એક થઈને લડવી જોઈએ અને આ અંગે નિર્ણય પછી લેવામાં આવશે. આ રીતે ઉદ્ધવ ઠાકરેનો દાવો સાઈડલાઈન થઈ ગયો હતો.

પરંતુ કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે મધ્ય-ચૂંટણીમાં સીએમ પદને તેમની પાર્ટીનો અધિકાર ગણાવ્યો હતો. જેના કારણે નવો વિવાદ ઉભો થઈ શકે છે. પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યું કે અમને વિશ્વાસ છે કે મહાવિકાસ અઘાડી ચૂંટણી જીતશે અને આગામી સીએમ હવે કોંગ્રેસના જ હશે.
પૂર્વ સીએમએ ઈકોનોમિક ટાઈમ્સને જણાવ્યું હતું કે RSSના એક વરિષ્ઠ નેતાએ તેમનો સંપર્ક કર્યો હતો અને તેમને ભાજપમાં જોડાવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે હું કોંગ્રેસમાં જ રહીશ અને આ વખતે ચૂંટણી પછી અમે મુખ્યમંત્રી બનીશું. હવે ઉદ્ધવ ઠાકરે જૂથ પણ પૃથ્વીરાજ ચવ્હાણના કોંગ્રેસના સીએમ પદનો દાવો કરતા નિવેદન પર પ્રતિક્રિયા આપી શકે છે.

ખાસ કરીને ચૂંટણી વચ્ચે પૃથ્વીરાજ ચવ્હાણ આવો દાવો કરતા મહાગઠબંધનમાં નવી ચર્ચા શરૂ થઈ શકે છે.પૃથ્વીરાજ ચવ્હાણે પણ સ્વીકાર્યું કે દક્ષિણ કરાડ બેઠક પર તેઓ ચુસ્ત લડાઈનો સામનો કરી રહ્યા છે. બીજેપીના અતુલ ભોસલે અહીંથી હરીફાઈમાં છે, જે કહે છે કે જો તેઓ ચૂંટણી જીતશે તો આ વિસ્તારમાં વધુ ફંડ લાવશે. તેના પર ચવ્હાણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં હાર બાદ આવું થઈ રહ્યું છે.બીજેપી હવે હોર્ડિંગ્સ લગાવી રહી છે અને દાવો કરી રહી છે કે જો અમે જીતીશું તો વધુ ફંડ લાવીશું. પરંતુ આવું કંઈ થઈ રહ્યું નથી. તેમના તમામ પ્રોજેક્ટ કાગળ પર છે અને હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. જમીન પર કોઈ કામ દેખાતું નથી. નોંધનીય છે કે ઉદ્ધવ ઠાકરેએ પણ ચૂંટણી પહેલા કહ્યું હતું કે સીએમનો નિર્ણય કોણે વધુ સીટો જીતી છે તેના પર આધારિત નથી. તેમનો સીધો સંકેત હતો કે કોંગ્રેસને મહત્તમ બેઠકો મળે તો પણ સીએમ પદ પર તેમનો દાવો યથાવત રહેશે.

હકીકતમાં, આ જ કારણ હતું કે વધુ બેઠકો પર કોણ ચૂંટણી લડશે તે અંગે બંને પક્ષો વચ્ચે લાંબી ખેંચતાણ ચાલી રહી હતી. અંતે, કોંગ્રેસ અને ઉદ્ધવ સેના વચ્ચે માત્ર બેઠકોનો નજીવો તફાવત રહ્યો અને ઉદ્ધવ કેમ્પ તેને પોતાની તાકાત તરીકે જોઈ રહ્યું છે. જો કે સાચુ સમીકરણ ચૂંટણી બાદ જ ખબર પડશે.

### કેજરીવાલ સાથે પત્ની સુનિતા પણ જોવા મળી

# અરવિંદ કેજરીવાલે તિરુપતિ બાલાજીના દર્શન કર્યાં

## આ દરમિયાન અરવિંદ કેજરીવાલે આરતીમાં ભાગ લીધો હતો અને માતા વૈષ્ણોના આશીર્વાદ લીધા હતા

નવી દિલ્હી, તા. ૧૪

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ આજે તિરુપતિ બાલાજી મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે પરિવાર સાથે તિરુપતિ બાલાજી મંદિરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમની પત્ની સુનિત કેજરીવાલ પણ તેમની સાથે રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ પહેલા અરવિંદ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરના દર્શન કરી ચૂક્યા છે. આ દરમિયાન તેમની સાથે અન્ય લોકો પણ હાજર હતા. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે આરતીમાં ભાગ લીધો હતો અને માતા વૈષ્ણોના આશીર્વાદ લીધા હતા. અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા સાઈટ X પર આ અંગે એક પોસ્ટ પણ શેર કરી હતી. પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું માતા રાણી સૌને આશીર્વાદ આપે અને આશીર્વાદ આપે. માતા દેવીની જયજયકાર.’ તમને જણાવી દઈએ કે આ વર્ષે માર્ચ મહિનામાં અરવિંદ કેજરીવાલની દિલ્હી લિકર પોલિસી કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. જેલમાંથી છૂટ્યા બાદ જ અરવિંદ કેજરીવાલે કનોટ પ્લેસમાં હનુમાન મંદિરની મુલાકાત લીધી હતી. આ પછી તેઓ પત્ની સુનિતા કેજરીવાલ સાથે માતા વૈષ્ણોના દરબારમાં પહોંચ્યા અને માતા વૈષ્ણોના દર્શન કર્યા અને તેમના આશીર્વાદ લીધા. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી બાદ દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. આવી સ્થિતિમાં સર્વત્ર ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે.

ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી, ત્રણેય મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને એકબીજા પર શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે. આ શ્રેણીમાં સીએમ અરવિંદ કેજરીવાલ એક પછી એક મંદિરોમાં સતત પહોંચી રહ્યા છે અને મુલાકાત લઈ રહ્યા છે. ભૂતકાળમાં માતા વૈષ્ણોના દર્શન કર્યા બાદ હવે અરવિંદ કેજરીવાલે તિરુપતિ મંદિરમાં જઈને ભગવાન તિરુપતિના દર્શન કર્યા અને તેમના આશીર્વાદ લીધા.

### ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓને રાહત

# CBSEએ કોર્સ અને પરીક્ષા પેટર્નમાં હવે કર્યા ફેરફાર

## હવે ઇન્ટરનલ એસેસમેન્ટ માટે ૪૦ ટકા માર્ક્સ અપાશે

નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મોટી રાહત આપતી જાહેરાત કરી છે. સીબીએસઈએ ધો.૧૦-૧૨ના અભ્યાસક્રમમાં ૧૫ ટકાની કપાત કરી છે. આ સાથે પરીક્ષાની પેટર્નમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવી પ્રક્રિયા મુજબ હવે ઈન્ટરનલ એસાઈન્મેન્ટ માટે ૪૦ ટકા માર્ક્સ આપવામાં આવશે, જ્યારે ફાઈનલ પરીક્ષા માટે ૬૦ ટકા માર્ક્સ અપાશે.
મળતા અહેવાલો મુજબ ઈન્દોરમાં પ્રિન્સિપાલ સમિટ યોજાઈ હતી, જેમાં સીબીએસઈના રિજનલ ઑફિસર વિકાસ કુમાર અગ્રવાલે અભ્યાસક્રમ (Syllabus) અને પરીક્ષા પેટર્ન (CBSE New Exam Pattern)માં ફેરફાર થયો હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, સીબીએસઈનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના બોજથી બચાવવાનો અને વિષયને ઊંડાણથી સમજવાની તક આપવાનો છે. બોર્ડે અભ્યાસક્રમમાં કરેલી કપાત વિકસિત શૈક્ષણિક માળખાને અનુરૂપ છે.

તેમણે કહ્યું કે, ‘વર્ષ ૨૦૨૫માં યોજાનારી સીબીએસઈ પરીક્ષાઓ માટેની પેટર્નમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તે મુજબ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ઈન્ટરનલ એસાઈનમેન્ટ માટે ૪૦ ટકા માર્ક્સ અપાશે, જ્યારે બાકીના ૬૦ ટકા માર્ક્સ ફાઈનલ પરીક્ષાના આધારે અપાશે. તેમણે એમ પણ કહ્યું કે, ‘વર્ષ ૨૦૨૫માં યોજાનાર બોર્ડની પરીક્ષા એક જ વખત યોજવાનું આયોજન થઈ રહ્યું છે, જો કે તે પછી આગામી વર્ષથી બે ટર્મમાં પરીક્ષાઓ યોજવાની તૈયારી છે.

આ ફેરફારને અંતિમરૂપ આપવામાં આવી રહ્યું છે અને લોજિસ્ટિક તૈયારીઓ ચાલી રહી છે. સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની એક્ઝામ ડેટશીટ ટૂંક સમયમાં જાહેર કરી દેવાશે. જો કે બોર્ડે હાલ કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ ગત વર્ષની પેટર્ન મુજબ એવી આશા છે કે, ડિસેમ્બરમાં જ તારીખો જાહેર કરી દેવામાં આવશે. ટાઈમટેબલ જાહેર થયા બાદ તેને સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

# વ્હોટ્સએપને બંધ કરવાની માંગવાળી અરજી ફગાવાઈ

નવી દિલ્હી, તા.૧૪

લોકપ્રિય મેસેજિંગ એપ વ્હોટ્સએપને બંધ કરવાની માગવાળી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અરજીકર્તાનું કહેવું હતું કે વ્હોટ્સએપ કેન્દ્ર સરકારના આઈટી ગાઈડલાઈન્સનું પાલન કરતું નથી. ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે પણ આ અરજીકર્તાની આ માગ ઠુકરાવી હતી. કેરળના રહેવાસી ઓમનાકુટ્ટન કે. જી.નું કહેવું હતું કે ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે તેમની અરજીને અપરિપક્વ ગણાવીને ફગાવી દીધી હતી ત્યારે કહેવામાં આવ્યું હતું કે આઈટી ગાઈડલાઈન્સ સરકારે જાહેર કરી નથી.હવે વ્હોટ્સએપ પોતે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આઈટી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ, ૨૦૨૧ને પડકાર આપ્યો છે. વ્હોટ્સએપે કહ્યું છે કે તે પોતાની પ્રાયવસી પૉલિસી અનુસાર કામ કરે છે. અરજીકર્તાનું કહેવું હતું કે જ્યારે વ્હોટ્સએપ યુઝર્સની ગોપનીયતા અને ભ્રામક વાતોના પ્રસારને લઈને ભારતના નિયમોનું પાલન કરવા ઈચ્છતું નથી તો તેને અહીં કામ કરવા દેવું જોઈએ નહીં પરંતુ જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને અરવિંદ કુમારની બેન્ચે ઓમનાકુટ્ટનની અરજી ફગાવી દીધી. જજોનું માનવું હતું કે કેસ દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

### બોનાફાઇડ પરચેઝરના કિસ્સામાં નિર્ણય

# જમીનની વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરી કલેક્ટર આપી શકશે

## મિનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ચરિતાર્થ કરતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઈડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો સમય નિવારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, મહેસુલ વિભાગના તા.૧૭/૦૩/૨૦૧૭ના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ લોકાભિમુખ નિર્ણયને પરિણામે બોનાફાઈડ પરચેઝર્સની અરજીઓનો ઝડપથી નિકાલ થતાં સમગ્ર કાર્યવાહી વધુ વેગવંતી બનશે અને પરિણામે વિકાસ પ્રક્રિયાને પણ વેગ મળશે

### હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને ફટકાર લગાવી

# ભારત માતાનું અપમાન સહન નહીં કરીએ : કોર્ટ

## હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને સખત ઠપકો આપ્યો અને રાજ્ય સરકારને આ મૂર્તિ ભાજપને પરત કરવો આદેશ આપ્યો

મદ્રાસ, તા. ૧૪
મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને ફટકાર લગાવી છે. આ મામલો ભારતીય જનતા પાર્ટી (BJP) કાર્યાલયમાંથી ‘ભારત માતા’નું પ્રતિનિધિત્વ કરતી પ્રતિમાને હટાવવા સાથે સંબંધિત છે. હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને સખત ઠપકો આપ્યો અને રાજ્ય સરકારને આ મૂર્તિ ભાજપને પરત કરવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે કહ્યું કે ખાનગી જગ્યાએ મામલાઓને નિયંત્રિત કરવાનું રાજ્યનું કામ નથી. ભારત માતાની પ્રતિમા હટાવવી એ તેમનું અપમાન કરવા જેવું છે. આ કેસ ખાનગી મિલકત પર વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારની મર્યાદાને લગતો એક રસપ્રદ મુદ્દો ઉભો કરે છે. રાજ્ય સરકારે આદેશોનું પાલન કરવું જોઈએ અને પોલીસે તેમની મર્યાદામાં રહીને જનતાની સેવા કરવી જોઈએ અને જનતાનું રક્ષણ કરવું જોઈએ.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચના જસ્ટિસ આનંદ વેંકટેશે આ ચુકાદો સંભળાવ્યો. તેમણે કહ્યું કે મારા મનમાં કોઈ શંકા નથી કે ભારત માતાની પ્રતિમાને ખાનગી મિલકતમાંથી બળજબરીથી હટાવી દેવામાં આવી છે, કદાચ અન્ય કોઈ જગ્યાએથી દબાણને કારણે, પરંતુ આ કૃત્ય અત્યંત નિંદનીય છે અને ભવિષ્યમાં આવું ક્યારેય ન થવું જોઈએ. અમે કાયદા દ્વારા સંચાલિત કલ્યાણ રાજ્યમાં જીવીએ છીએ. તેથી, બંધારણીય અદાલત દ્વારા ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને આવી મનસ્વીતાને ક્યારેય સહન કરી શકાતી નથી. આ કારણે ભારત માતાની ઓળખને પણ ઠેસ પહોંચી છે, તેથી સરકાર અને પોલીસે સતર્ક રહેવું જોઈએ.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાજપ કાર્યાલય માટે ૨૦૧૬માં વિરુધુનગર જિલ્લામાં એક પ્રોપર્ટી ખરીદવામાં આવી હતી, જેની અંદર હાથમાં ધ્વજ ધરાવતી ભારત માતાની પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવી હતી.

રાજ્યએ દલીલ કરી હતી કે તેઓએ વર્ષ ૨૦૨૨માં હાઈકોર્ટના આદેશની માર્ગદર્શિકાના આધારે અરજદાર (ભાજપ)ને નોટિસ જારી કરી હતી કે કોઈ પણ નેતાની નવી પ્રતિમા સ્થાપિત કરવી જોઈએ નહીં અને અશાંતિ પેદા કરવાની સંભાવના હોય તેવી પ્રતિમાઓ સ્થાપિત કરવી જોઈએ નહીં. સંભવતઃ, તેઓ અન્ય સ્થળોએ ખસેડવા જોઈએ. ભાજપ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હોવાથી સમાજમાં શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહે તે માટે પ્રતિમાને હટાવીને મહેસૂલ વિભાગની કચેરીમાં સલામત રાખવામાં આવી છે.

ભારત માતા ‘ભારત’નું પ્રતિક છે અને તેને રાષ્ટ્રના પ્રતિક તરીકે ભાજપ કાર્યાલયમાં સ્થાપિત કરવામાં આવી હોવાનું કહીને પ્રતિમા હટાવ્યા બાદ ભાજપે કોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તમિલનાડુમાં સત્તારૂઢ ડીએમકે સરકારે પોલીસને ભાજપની ખાનગી મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરવા અને પ્રતિમા હટાવવા દબાણ કર્યું. ન્યાયાધીશ વેંકટેશે આ કેસમાં કહ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ પોતાની સંવેદનામાં ગંભીરતાથી દલીલ કરી શકે નહીં કે કોઈની દેશભક્તિ અને દેશ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાથી રાજ્ય અથવા સમુદાયના હિતોને જોખમમાં મૂકે છે. પોતાના બગીચામાં કે ઘરમાં ભારત માતાની મૂર્તિ સ્થાપિત કરવી એ એક વ્યક્તિગત મંદિર બનાવવા જેવું છે, જે દેશ માટે આશા, એકતા અને સન્માનનું પ્રતીક છે.

### નિમણૂકનો આશય મૃત્યુથી સર્જાયેલી આર્થિક કટોકટી હળવી કરવાનો

# સરકારી નોકરીમાં રહેમરાહે નિમણૂક નિહિત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમ કોર્ટે ૧૯૯૭માં મૃત્યુ પામેલા પોલીસ કોન્સ્ટેબલ પિતાના પુત્ર દ્વારા કરાયેલી અરજીને નકારતી વખતે મહત્વની ટિપ્પણી કરી હતી**

નવી દિલ્હી, તા.૧૪

સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીમાં રહેમરાહે કરાતી નિમણૂક અંગે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે, કરુણાના આધારે અપાતી સરકારી નોકરી અધિકાર નથી. નોકરીના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામનાર કર્મચારીની શરતમાં આવો કોઈ ઉલ્લેખ હોતો નથી.સુપ્રીમ કોર્ટે ૧૯૯૭માં મૃત્યુ પામેલા પોલીસ કોન્સ્ટેબલ પિતાના પુત્ર દ્વારા કરાયેલી અરજીને નકારતી વખતે મહત્વની ટિપ્પણી કરી હતી. અરજીમાં પુત્ર સાત વર્ષનો હતો ત્યારે પિતા મૃત્યુ પામ્યા હોવાથી નોકરીની માંગણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટેની બેન્ચે જણાવ્યું હતું કે, આ મુદ્દે વ્યક્તિ કે વ્યક્તિઓના જૂથની તરફેણમાં રાજ્યને કોઈ નિર્દેશ આપી શકાય નહીં. બેન્ચ વતી ચુકાદો લખતા જજ મસિહે જણાવ્યું હતું કે, ‘‘કરુણાના આધારે નોકરીમાં કરાતી નિમણૂકનો ઈરાદો પરિવારના સભ્યના મૃત્યુ વખતે ઊભી થયેલી તાત્કાલિક નાણાકીય કટોકટીને હળવી કરવાનો હોય છે. લાંબા સમય પછી તેને અધિકાર ગણી નોકરી માટે દાવો કરી શકાય નહીં. નોકરીના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામનાર કર્મચારીની શરતમાં આવો કોઈ ઉલ્લેખ હોતો નથી.’’સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, ‘‘વિવિધ માપદંડોની યોગ્ય અને સઘન તપાસ કરુણાના આધારે નિમણૂક કરાય છે. જેનો હેતુ પરિવારના એક માત્ર કમાઉ સભ્યના અવસાન પછી અચાનક ઊભી થયેલી નાણાકીય સ્થિતિમાં મદદ કરવાનો હોય છે. ઉપરાંત, આવી નિમણૂક પોલિસીમાં દર્શાવેલી શરતોને આધિન હોય છે. સુપ્રીમ કોર્ટે અરજદાર ટિંકુના કેસની સુનાવણી વખતે તમામ સ્પષ્ટતા કરી હતી. જેમાં ટિંકુના પિતા જયપ્રકાશ ૧૯૯૭માં ફરજ બજાવતી વખતે અન્ય ઓફિસર સાથે મૃત્યુ પામ્યા હતા.

એ વખતે ટિંકુ સાત વર્ષનો હતો. ટિંકુની માતા નિરક્ષર હોવાથી કરુણાના આધારે પોતાના માટે નોકરીની અરજી કરી શકે તેમ નહીં હોવાથી તેમણે ‘સગીરો માટેના રજિસ્ટર’માં પુત્રનું નામ લખાવ્યું હતું. જેથી પુખ્ત વયના થયા પછી પુત્રને નોકરી મળી શકે. જોકે, ટિંકુએ ૨૦૦૮માં નોકરી માટે અરજી કરી ત્યારે પિતાના મૃત્યુને ૧૧ વર્ષ પસાર થઈ ચૂક્યા હોવાથી ઓથોરિટીએ તેની અરજી નકારી કાઢી હતી. જેની સામે ટિંકુએ કોર્ટમાં અરજી કરી હતી.

### કોર્ટે તેમને મુક્ત કરવાનો આપ્યો આદેશ

# અમાનતુલ્લા ખાનને વક્ફ કેસમાં આખરે રાહત મળી

**સ્પેશિયલ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટને ધ્યાનમાં લેવા માટેનો ઇનકાર કરી દીધો**

નવી દિલ્હી, તા.૧૪

અમાનતુલ્લા ખાનને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાંથી આજે ગુરુવારે મોટી રાહત મળી છે. સ્પેશિયલ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટને ધ્યાનમાં લેવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે, અમાનતુલ્લા ખાન વિરુદ્ધ ઘણા પુરાવા છે. પરંતુ ફરિયાદ પક્ષ પાસે તેની સામે કાર્યવાહી કરવા માટે કોઈ કલમ નથી. કોર્ટે મરિયમ સિદીકીને પણ નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે અમાનતુલ્લા ખાનને ૧ લાખ રૂપિયાના બોન્ડ પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની સુનાવણી સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહની કોર્ટ દ્વારા કરવામાં આવી હતી.આ પહેલા બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં કેસની સુનાવણી થઈ હતી. જેમાં ઈઢ અને અમાનતુલ્લા ખાનના વકીલોએ પોતપોતાની દલીલો રજૂ કરી હતી. દિલ્હી વકફ બોર્ડ કેસમાં છઈઁ ધારાસભ્ય સામે ઈઢ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લેવી કે નહીં તે અંગે કોર્ટે સંજ્ઞાન લેવું પડ્યું હતું. બુધવારે કોર્ટે દલીલો સાંભળ્યા બાદ નિર્ણય અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન ઈઢએ દાવો કર્યો હતો કે, તેની પાસે આ કેસમાં આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા છે.EDએ ૨૯ ઓક્ટોબરના રોજ ૧૧૦ પાનાની પ્રથમ સપ્લિમેન્ટરી પ્રોસિક્યુશન ફરિયાદ (EDની ચાર્જશીટની સમકક્ષ) દાખલ કરી હતી, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ખાને દિલ્હી વકફ બોર્ડમાં કથિત ભ્રષ્ટાચાર દ્વારા કમાયેલા નાણાંની લોન્ડરિંગ કરી હતી. મરિયમ સિદીકીની ચાર્જશીટમાં શનિલનું નામ પણ હતું, જેની EDએ આ કેસમાં આરોપી તરીકે ધરપકડ કરી ન હતી. EDએ કહ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કેસમાં ખાન અને અન્ય સામે કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા છે. અમાનતુલ્લા ખાનની PMLAની જોગવાઈઓ હેઠળ ૨ સપ્ટેમ્બરે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા દિલ્હીના ઓખલા સ્થિત તેના ઘરની તલાશી લેવામાં આવી હતી. તપાસ એજન્સીએ પૂછપરછ દરમિયાન છઈઁ ધારાસભ્ય પર ‘ભાગી’ જવાનો આરોપ લગાવ્યો હતો. તેમની સામે મની લોન્ડરિંગની તપાસ બે FIR સાથે શરૂ કરવામાં આવી હતી. પ્રથમ, વક્ફ બોર્ડમાં કથિત અનિયમિતતા અંગે CBIનો કેસ અને બીજો, દિલ્હી પોલીસના ભ્રષ્ટાચાર વિરોધી એકમ દ્વારા નોંધાયેલ અપ્રમાણસર સંપત્તિનો કેસ.

### વડાપ્રધાને કોંગ્રેસ પર પણ કર્યા આકરા પ્રહાર

# કોંગ્રેસના નેતાઓ અનામત ખતમ કરવાની વાત કરે છે : PM મોદી

**પીએમ મોદીએ ઓબીસી, કલમ-૩૭૦ જેવા મુદ્દાઓનો પણ ઉલ્લેખ કરી એમવીએને આડે હાથ લીધી હતી**

મુંબઈ , તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના ધમધોકાટ વચ્ચે છત્રપતિ સંભાજીનગરમાં ચૂંટણી સભા ગજવી હતી. તેમણે બાલાસાહેબ ઠાકરેનો ઉલ્લેખ કરી મહાવિકાસ અઘાડી પર જયારે અનામતનો ઉલ્લેખ કરી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ ઓબીસી, કલમ-૩૭૦ જેવા મુદ્દાઓનો પણ ઉલ્લેખ કરી એમવીએને આડે હાથ લીધી હતી.

વડાપ્રધાન મોદીએ સંભાજીનગરમાં જનસભાને સંબોધતા કહ્યું કે, ‘આ વખતની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી એક મુખ્ય વિચારધારાની લડાઈ છે. ચૂંટણીમાં એકતરફ સંભાજી મહારાજને માનતા દેશભક્તો છે, તો બીજીતરફ ઓરંગજેબનું સમર્થન કરનારા લોકો છે.

જે લોકો સંભાજી મહારાજના હત્યારામાં પોતાનો મસીહા જુએ છે, શું તેઓ મહારાષ્ટ્રની અસ્મિતાના વિરોધી નથી?

વડાપ્રધાને મહારાષ્ટ્રની પ્રજાને યાદ અપાવ્યું કે, ‘છત્રપતિ સંભાજીનગરનું નામ બદલવાની સૌપ્રથમ માંગ શિવસેનાના સંસ્થાપક બાલાસાહેબ ઠાકરેએ કરી હતી. મહાવિકાસ અઘાડીની સરકારે રાજયમાં અઢી વર્ષ શાસન કર્યું, તેમ છતાં તેઓ બાલાસાહેબની માંગ પુરી કરી શક્યા નહી. ત્યારબાદ અમારી મહાયુતી સરકારે સત્તામાં આવી અને બાલાસાહેબની ઈચ્છા પુરી કરી આ શહેરનું નામ છત્રપતિ સંભાજીનગર કરી દીધું.

તેમણે કહ્યું કે, ‘કોંગ્રેસ અને મહાવિકાસ અઘાડીને છત્રપતિ સંભાજીનગરનું નામકરણ કરવામાં વાંધો પડ્યો હતો. તેઓએ નામકરણના મામલાને કોર્ટમાં પડકાર્યો અને નિર્ણય પલટવાનો પ્રયાસ કર્યો હતો. સત્તા મેળવવા માટે કોંગ્રેસ હંમેશા વિભાજનનું રાજકરાણ કરે છે અને વિકાસના બદલે ભાગલાવાદી રાજકારણ પર નિર્ભર રહે છે.’

વડાપ્રધાને અનામત અંગે કોંગ્રેસની વિચારસરણી પર સવાલ ઉઠાવી કહ્યું કે, ‘કોંગ્રેસે હંમેશા અનામતનો વિરોધ કર્યો છે અને તેને દેશના વિકાસની વિરુદ્ધ ગણાવ્યો છે. કોંગ્રેસનો એજન્ડા સમાજમાં વિભાજન કરીને સત્તા મેળવવાનો છે અને SC, ST, ABC સમાજમાં ભાગલા પાડવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.’પીએમ મોદીએ આક્ષેપ કર્યો કે, ‘કોંગ્રેસ છેલ્લા દસ વર્ષથી ઓબીસી વડાપ્રધાનને સહન કરી શકી નથી. કોંગ્રેસના નેતાઓ વિદેશમાં જઈને ખુલ્લેઆમ અનામત ખતમ કરવાની વાત કરે છે. તેમણે કલમ-૩૭૦નો ઉલ્લેખ કરી કહ્યું કે, ‘કોંગ્રેસ કલમ-૩૭૦ની કલમ ફરી લાગુ કરવા માટે પાકિસ્તાની ભાષા બોલી રહી છે. અમારી સરકારે તેને હંમેશા માટે સમાપ્ત કરી દીધી છે અને દેશના લોકો કલમ ફરી લાગુ કરવાની કોઈપણ માંગનો સ્વિકાર નહીં કરે.’

વડાપ્રધાને મહારાષ્ટ્રની પ્રજાને આહવાન કર્યું છે કે, તેઓ મહાવિકાસ અઘાડીને સત્તામાં આવવાની તક ન આપે. જો રાજયમાં એમવીએ સત્તામાં આવશે તો તમારે પાણી માટે તરસવું પડશે. તેમણે ભાજપ અને મહાયુતી ને સમર્થન આપવાની જનતાને અપીલ કરી છે.

### નવી માર્ગરેખામાં ૧૦૦% જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ

# કોચિંગ સેન્ટર્સ હવે ગેરમાર્ગે દોરતી જાહેરાત નહીં કરી શકે : માર્ગરેખા જાહેર

**ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી, સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે**

નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્ર સરકારે કોચિંગ ઈન્સ્ટિટ્યુટ્સ દ્વારા ગેરમાર્ગે દોરતી એડ્. સામે કડક વલણ અપનાવ્યું છે. આવી એડ્.ના નિયમન માટે બુધવારે નવી માર્ગરેખા જારી કરવામાં આવી છે. જેમાં ૧૦૦ ટકા સિલેક્શન કે ૧૦૦ ટકા જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નેશનલ કન્ઝ્યુ. હેલ્પલાઈનની ફરિયાદોને પગલે આખરી માર્ગરેખા લાગુ થઈ ચૂકી છે. સેન્ટ્રલ કન્ઝ્યુ. પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) દ્વારા તૈયાર કરાયેલી માર્ગરેખામાં એડ્.ની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નવી માર્ગરેખા અનુસાર કોચિંગ સેન્ટર્સ પર કોર્સ અને તેની મુદત અંગે ખોટા દાવા કરવાનો પ્રતિબંધ મુકાયો છે.ઉપરાંત, ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી, સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે. ઘણા કોચિંગ સેન્ટર્સની એડ્.માં ગેરંટેડ જોબ સિક્યોરિટી અને પગારવધારા અંગે ખોટા દાવા કરતા હોય છે. તેની પર પણ માર્ગરેખામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માર્ગરેખામાં ‘કોચિંગ’ની વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક સપોર્ટ, શૈક્ષણિક માર્ગદર્શન, સ્ટડી પ્રોગ્રામ્સ અને ટ્યુશનનો સમાવેશ કરાયો છે. કાઉન્સેલિંગ, સ્પોર્ટ્સ અને રચનાત્મક પ્રવૃત્તિઓને તેમાંથી બાકાત રખાયા છે. માર્ગરેખામાં એવું પણ જણાવાયું છે કે, કોચિંગ સેન્ટર્સ પસંદગી પછી સફળ વિદ્યાર્થીઓની લેખિત સંમતિ વગર તેમના નામ, ફોટોગ્રાફ્સ વગેરેનો ઉપયોગ કરી શકશે નહીં.

સેન્ટર્સે કોર્સ અંગેની મહત્વની માહિતી મોટા અને સ્પષ્ટ શબ્દોમાં દર્શાવવાની રહેશે. સીસીપીએ દ્વારા અત્યાર સુધીમાં ૫૪ નોટિસ જારી કરવામાં આવી છે અને લગભગ ૨૫૪.૬૦ લાખની પેનલ્ટી પણ કરાઈ છે. ગ્રાહક બાબતોના સચિવ નિધી ખરેએ જણાવ્યું હતું કે, ‘‘કોચિંગ સેન્ટર્સ ઈરાદાપૂર્વક માહિતી છુપાવતા હોવાનું અમારા ધ્યાનમાં આવ્યું છે. એટલે કોચિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને માર્ગદર્શન આપવા માટે અમે માર્ગરેખા બહાર પાડી છે.

### માત્ર ત્રણ મતથી હારી ભાજપ

# દિલ્હી મેયરની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો વિજય

**એમસીડીમાં મેયરની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર મહેશ ખીંચી ચૂંટણી જીતીને મેયર બની ગયા**

નવી દિલ્હી, તા.૧૪

આમ આદમી પાર્ટીએ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) પર ફરી કબજો જમાવ્યો છે.

એમસીડીમાં મેયરની ચૂંટણીમાં AAPના ઉમેદવાર મહેશ ખીંચી ચૂંટણી જીતીને મેયર બની ગયા છે. તેમણે ભાજપના ઉમેદવાર કિશન લાલને માત્ર ત્રણ મતથી હરાવ્યા છે. મેયર પદ માટે કુલ ૨૬૫ મતો પડ્યા હતા, તેમાંથી આપ ઉમેદવાર મહેશ ખીંચીને ૧૩૩ મત, જ્યારે ભાજપના ઉમેદવાર કિશન લાલને ૧૩૦ મત મળ્યા છે, જ્યારે બે મત અમાન્ય જાહેર થયા છે.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શૈલી ઓબરોય અત્યાર સુધી એક્સ્ટેંશન પર હતા. હવે તેમના સ્થાને કરોલબાગના દેવનગરના કોર્પોરેટર મહેશ ખીંચી એમસીડી મેયર પદ સંભાળશે. એપ્રિલ ૨૦૨૪માં મેયરની ચૂંટણી વખતે ભાજપ અને આપે ઉમેદવાર જાહેર કર્યા હતા, જોકે પ્રિસાઈડિંગ ઓફિસર ફાઈલ પર મુખ્યમંત્રીનું રિકમેંડેશન ન હોવાનું કહી ફાઈલ પરત મોકલી દીધી હતી અને કહ્યું તું કે, જ્યાં સુધી નવા મેયરની પસંદગી ન થાય, ત્યા સુધી વર્તમાન મેયર ઓબરોય જ મેયર રહેશે. તે વખતે તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાં હતા, તેથી તેઓ રિકમેંડેશન ન કરી શક્યા હતા. ત્યારથી મેયરની ચૂંટણીમાં વિલંબ થયો હતો.

દર વર્ષે એપ્રિલમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરની ચૂંટણી યોજાય છે. ડિસેમ્બર-૨૦૨૨ની ચૂંટણીમાં છઈઁએ ૧૩૪ બેઠકો જીત્યા બાદ કોર્પોરેટર ડૉ.શૈલી ઓબરોયને ફેબ્રુઆરી-૨૦૨૩માં મેયર બનાવાયા હતા. ત્યારબાદ નાણાંકીય વર્ષ એપ્રિલ-૨૦૨૩માં યોજાયેલી મેયરની ચૂંટણીમાં ઓબેરોય ફરી મેયર બન્યા હતા. ત્યારબાદ ભારે વિવાદના કારણે એપ્રિલ-૨૦૨૪માં મેયરની ચૂંટણી યોજાઈ શકી ન હતી. સ્ઝ્રઢ એક્ટ મુજબ, મેયરના પદ પર પ્રથમ વર્ષ મહિલા કાઉન્સિલર માટે અનામત છે, બીજું વર્ષ સામાન્ય માટે અને ત્રીજું વર્ષ અનુસૂચિત જાતિના કાઉન્સિલર માટે અનામત છે. છેલ્લા બે વર્ષ સામાન્ય શ્રેણીના હોય છે. એમસીડીની ચૂંટણી ટાણે કોંગ્રેસના સાત કોર્પોરેટરોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. જ્યારે રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પણ ગેરહાજર રહ્યા હતા. મતદાનનો બહિષ્કાર કરનારા સાત કોર્પોરેટરોમાં મનદીપ સિંહ, વેદપાલ ચૌધરી, અરીબા ખાન, નાજિયા દાનિશ, સમીર અહમદ, નાજિયા ખાતૂન અને શીતલ ચૌધરીનો સમાવેશ થાય છે.

### સ્થાનિકોએ જણાવ્યું હતું કે અહીં ગેરકાયદેસર ખનન થાય છે

# રાજ્યમાં વિવિધ માર્ગ અકસ્માતોમાં ૬ના મોત અને ૩૦ને ઇજા

**સાબરકાંઠાના હિંમતનગરમાં માર્ગ અકસ્માતમાં ડમ્પર ફરી વળતા મહિલાનું મોત થયું હતુ**

અમદાવાદ,તા.૧૪

રાજયમાં વિવિધ માર્ગ અકસ્માતોમાં છના મોત થયા હતા ૩૦ને ઈજા થઈ હતી. સાબરકાંઠાના હિંમતનગરમાં માર્ગ અકસ્માતમાં ડમ્પર ફરી વળતા મહિલાનું મોત થયું હતું. ઈલોલ પાસેના પુલ પર અકસ્માત સર્જાયો હતો.

ડમ્પર ચાલકો મહિલાને અડફેટે લેતા તેનું મોત થયું હતું.

હિંમતનગર અકસ્માતમાં એકનું મોતસ્થાનિકોએ જણાવ્યું હતું કે અહીં ગેરકાયદેસર ખનન થાય છે. ગ્રામ્ય પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. તેઓનુ કહેવું હતું કે માતેલા સાંઢની જેમ ડમ્પર બેરોકટેક ફરી રહ્યા છે. ગેરકાયદેસર ખનન થવાના લીધે અહીં મોટાપાયા પર ડમ્પરે આવે છે. આરટીઓ અને પોલીસની રહેમ નજર હેઠળ ડમ્પરો અહીં ફરી રહ્યા છે. ઉચ્ચલ અધિકારીઓની મિલીભગતના લીધે ચાલતા ડમ્પરોમાં એકે મહિલાને અડફેટે લેતા તેના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા.શંખેશ્વર પાસે મળ્યો મૃતદેહ, અકસ્માત મોતની સંભાવના

આ ઉપરાંત પાટણના શંખેશ્વર હાઈવે પર મૃતદેહ મળી આવ્યો હતો. હાઈવે પર અજાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવ્યો હતો. આર્ટસ કોલેજ જવાના માર્ગ પરથી મૃતદેહ મળ્યો હતો. રાત્રે અજાણ્યા વાહને અડફેટે લીધા હોવાનું અનુમાન છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા હાઈવે પર અકસ્માત

સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા હળવદ હાઈવે પર અકસ્માત થયો છે. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. ગુરુકુળ નજીક અકસ્માતમાં એક બાઈક સવારનું મોત થયું હતું. અકસ્માત થતાં ઘટનાસ્થળે લોકોના ટોળા એકત્રિત થયા. ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડતા ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ આદરી છે.

ધાંગધ્રા શહેરના હળવદ રોડ રે રામગઢ ગામે રેહતા છાસીયા પ્રવિણભાઈ હીરાભાઈ બાઈક સવાર ને અકસ્માત નડ્યો હતો જ્યારે અકસ્માત કેવી રીતે સર્જાયો તેનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. અકસ્માત ની જાણ થતાં આજુબાજુના વિસ્તારના લોકો દોડી ગયા હતા ધાયલ વ્યક્તિ ને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં હાજર તબીબ દ્વારા યુવાને મૃત જાહેર કર્યો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી

મહેસાણા ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત

મહેસાણામાં ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત થયું છે. ડમ્પર અને બાઈક વચ્ચેનાં અકસ્માતમાં એકનું મોત થયું છે. કોન્ટ્રાક્ટરના ડમ્પરે અકસ્માત સર્જયો છે. યુવાનનું મોત થતાં સ્થાનિકોમાં આક્રોશની લાગણી હતી અને તેના પગલે તેમણે અન્ય વાહન સળગાવ્યા હતા. વિસનગર તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

બનાસકાંઠાઃ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત

બનાસકાંઠાના અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. લાખણીના કોટડા નજીક સર્જાયેલા અકસ્માતમાં કાર ચાલકે સ્ટીયરિંગ પરથી અંકુશ ગુમાવતા આ ઘટના બની હતી. કાર દીવાલ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક વ્યક્તિના મોત ઉપરાંત એક ઈજાગ્રસ્ત થયો હતો. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.બનાસકાંઠાઃ હિટ એન્ડ રનબનાસકાંઠામાં હિટ એન્ડ રનની ઘટના જોવા મળી છે. ધાનેરા નેનાવા હાઈવે પર હિટ એન્ડ રનની ઘટના બની છે. બ્રેઝા ગાડી રાહદારીને ટક્કર મારી રફુચક્કર થઈ ગઈ છે. દૂધ ભરાવવાજતાં ૪૫ વર્ષીય યુવકનું મોત થયું છે. ધાનેરા પોલીસનેસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ધાનેરા હોસ્પિટલમાં લાવી હતી.

અમદાવાદઃ વહેલી સવારે ખાનગી બસ પલ્ટી

અમદાવાદમાં વહેલી સવારે ખાનગી બસ પલ્ટી હતી. ધંધુકા-ફેદરા રોડ પર હરિપુરા પાસે ઘટના બની હતી. અકસ્માતમાં ૨૦ શ્રમિકોને ઈજા પહોંચી છે. બસ શ્રમિકોને મધ્યપ્રદેશથી ગોંડલ લઈ જતી હતી. ઈજાગ્રસ્તોને ધંધુકા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કપડવંજઃ નર્મદા કેનાલ પાસે સર્જાયો ટ્રીપલ અકસ્માત

કપડવંજ નર્મદા કેનલ પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ચાર લોકોને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બે અલ્ટો અને ઈનોવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પોલીસે પહોંચી વાહનોને ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો. અલ્ટો ચાલકે બેફામ કાર હંકારી સામેથી આવતી ઈનોવાને પડખે ઘસી હતી અને ત્યાં તેને પાછળની અલ્ટોએ બીજી ટક્કર મારી હતી. અકસ્માતના પગલે બે અલ્ટો અને વાહનો ત્રણેયને નુકસાન થયું હતું.

રાજકોટ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના

રાજકોટ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના બની છે. રાજકોટ અમદાવાદ હાઈવે પર અકસ્માતની ઘટના બની છે. કારચાલકે કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. કાર ચાલકને અકસ્માતમાં ઈજા પહોંચી હતી. ૧૦૮ મારફતે તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે અકસ્માતમાં જાનહાનિ થઈ નથી.

રાજકોટઃ જેતપુર તત્કાલ ચોકડી નજીક અકસ્માત

રાજકોટ જેતપુર તત્કાળ ચોકડી નજીક અકસ્માત થયો છે. બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં બાઈક કાર નીચે આવી ગઈ હતી. બાઈક ચાલક ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેતપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. તત્કાળ ચોકડી નજીક વારંવાર અકસ્માત સર્જાય છે. ટુ-વ્હીલર ચાલકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

### તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડનો પર્દાફાશ થઈ શકે તેમ છે

# અમદાવાદ બાદ હવે વડોદરાની અંજના હોસ્પિટલ પણ શંકાના દાયરામા

**મામલો વેગ પકડતાં અંજના હોસ્પિટલ સામે સનસનીખેજ મામલો સામે આવતાં હોસ્પિટલના સંચાલકો બચાવમાં મેદાનમાં ઉતર્યા છે**

અમદાવાદ,તા.૧૪

અમદાવાદની જેમ વડોદરાના ભાયલી-સેવાસી રોડ પર આવેલી અંજના મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ (અંજના હોસ્પિટલ એન્ડ ક્લિનિસર્ચ પ્રા. લિ.)માં પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડનો પર્દાફાશ થઈ શકે તેમ છે. આના પગલે તપાસના આદેશ પણ આપવામાં આવ્યા છે.

તાજેતરમાં વડોદરાના સોશિયલ મીડિયા સર્કલમાં હોસ્પિટલના એક દર્દીનો વીડિયો વાયરલ થયો હતો. આમાં, દર્દી કહે છે કે ઓક્સિજન માસ્ક તેમને આપવામાં આવે છે જેમને તેની જરૂર નથી. અને તે ફોટો આયુષ્માન કાર્ડ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે. તેથી અમદાવાદ બાદ હવે વડોદરાની અંજના હોસ્પિટલ પણ શંકાના દાયરામાં આવી છે.

જોકે, મામલો વેગ પકડતાં અંજના હોસ્પિટલ સામે સનસનીખેજ મામલો સામે આવતાં હોસ્પિટલના સંચાલકો બચાવમાં મેદાનમાં ઉતર્યા છે. થોડા સમય પહેલા ભાયલી-સેવાસી વિસ્તારમાં આવેલી અંજના મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ (અંજના હોસ્પિટલ એન્ડ ક્લિનિકલસર્ચ પ્રા. લિ.)નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

વાયરલ વીડિયોમાં દર્દી કહે છે કે જે દર્દીઓને ઓક્સિજન માસ્કની જરૂર નથી તેમને ઓક્સિજન માસ્ક આપવામાં આવે છે. ઓક્સિજન માસ્ક સાથે દર્દીનો ફોટો આયુષ્માન કાર્ડ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે. વાયરલ વીડિયોમાં દર્દીએ ખૂબ જ ચોંકાવનારું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે હોસ્પિટલના ICUમાં દાખલ તમામ દર્દીઓને ઓક્સિજન માસ્ક આપવામાં આવ્યા હતા કારણ કે તેમની તપાસ કરવામાં આવી રહી હતી.માસ્કને કલાકો સુધી ચાલુ રાખ્યા પછી દૂર કરવામાં આવ્યા હતા. ઓક્સિજન માસ્ક દરરોજ પહેરવામાં આવે છે, ફોટોગ્રાફ કરવામાં આવે છે અને પછી માસ્ક દૂર કરવામાં આવે છે.

આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વાયરલ વીડિયોમાં સામે આવ્યું છે કે અંજના મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ (અંજના હોસ્પિટલ એન્ડ ક્લિનિસર્ચ પ્રા. લિ.)એ પણ અમદાવાદની પ્રખ્યાત હોસ્પિટલ જેવું કૌભાંડ આચર્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ મામલો સામે આવ્યા બાદ શું કાર્યવાહી થાય છે.આ હોસ્પિટલની વેબસાઈટ અનુસાર, તેના MD અને CEO ડૉ. અમન ખન્ના છે. જ્યારે ડૉ.મલ્લિકા ખન્ના ડિરેક્ટર અને ક્લિનિકલ હેડ છે. અને ડાયરેક્ટર અને સીએફઓ સુનીલ કપૂર છે. અંજના હોસ્પિટલ સામેનો સનસનીખેજ મામલો સામે આવ્યા બાદ હોસ્પિટલ મેનેજમેન્ટ મજબૂત બચાવમાં બહાર આવ્યું છે. ડૉ.મલ્લિકા ખન્નાએ જણાવ્યું કે દર મહિને લગભગ ૫૦ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થાય છે. અન્ય હોસ્પિટલના ડોકટરો પણ દર્દીઓને અંજના હોસ્પિટલમાં રીફર કરે છે. અમે કંઈ ખોટું નથી કરતા. દર્દીને ખૂબ જ જરૂરી હોય ત્યારે જ ICUમાં રાખવામાં આવે છે. અમે કોઈપણ કારણ વગર દર્દીને ઓક્સિજન આપતા નથી.

### પોલીસ ભરતીને લઈ મોટા સમાચાર

# પોલીસ ભરતીની શારીરિક કસોટીની તારીખમાં ફેરફાર

**પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૪

પોલીસ ભરતીની તૈયારી કરનાર ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, પહેલાં ૨૫ નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં યોજવામાં આવશે. સરકાર દ્વારા પોલીસ ભરતીની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. હસમુખ પટેલે ચેરમેન પદેથી રાજીનામું આપતા ભરતી પ્રક્રિયાને અસર થઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા ડિસેમ્બરમાં લેવામાં આવતા ઉમેદવારને વધારાનો સમય મળી શકે છે. હાલ આ પરિક્ષાને લઈ ઉમેદવારો છેલ્લા ૬-૪ મહિનાથી પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે શારિરીક પરીક્ષામાં વાપરવામાં આવતી ચિપ પણ હજુ આવી ન હોવાથી પરીક્ષાનો સમય લંબાયો છે.

૧૦ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે કોન્સ્ટેબલ, PSI અને PI ભરતી માટેની શારીરિક પરીક્ષા લેવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષાના આયોજનને લઈને હજુ સુધી સત્તાવાર રીતે કોઈ નક્કી તારીખ જાહેર કરવામાં આવશે.

# અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાતા જાગૃત્તિ–સ્વીપ કાર્યક્રમો યોજાયા






તા. ૧/૧/૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. આગામી તા. ૨૮ નવેમ્બર, ૨૪ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરૂ છે. યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ અન્વયે બાબરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં યુવા મતદારો, બીએલઓ અને સુપરવાઈઝર સહિતના જોડાયા હતા. ૯૮ રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ વડલી ગામે યોજાયેલ ભાગવત સપ્તાહમાં પણ મતદાતા જાગૃત્તિ અન્વયે મતદારોને અપીલ કરવામાં આવી. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે ખાસ ઝુંબેશના દિવસોની ઓડિયો કિલપ દ્વારા ગ્રામજનોને વિગત આપી અગવત કરવામાં આવ્યા. ૯૮ રાજુલા જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારના વિવિધ સ્થળોએ, ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન વાન દ્વારા મતદાતા જાગૃત્તિ અન્વયે મતદારોને અપીલ કરવામાં આવી. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમના ખાસ ઝુંબેશના દિવસોની જાણ પણ નગરજનોને થાય તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા. ખાંભા ગામે યોજાયેલ તુલસી વિવાહ અને લાઠી તાલુકાના ભાલવાવ કાર્યક્રમમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની વિગતો આપી, મતદારોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરવામાં આવી. ખાંભા તાલુકાના દડલી અને કોડીયા ગામે યોજાયેલ ભાગવત કથામાં મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યા. નવા વર્ષે વિવિધ દેવસ્થાનો પર ભકોની અવરજવર વધુ પ્રમાણમાં રહે છે તેવા સ્થળોએ નાગરિકોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંગે વિગતો મળી રહે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ધારી ખોડીયાર માતા દેવસ્થાને આવતા યાત્રિકોને મતદાર તરીકે નોંધણી કરવા માટે કિન્નર સમાજ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો લાભ લેવા ખાસ અપીલ કરવામાં આવી. રજાના દિવસોમાં ભીડ વધુ રહેતી હોય પ્રવાસીઓને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અને તે માટે યોજવામાં આવનાર ખાસ ઝુંબેશના દિવસો સહિતની વિગતો આપી મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ મતદાતા જાગૃત્તિ અન્વયે ૯૫–અમરેલી–વડીયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારના મતદાતા જાગૃત્તિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અમરેલી એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે નાગરિકોને SSR ઝુંબેશનાં દિવસો અંગે માહિતગાર કરવામાં આવ્યા. વધુ નાગરિકો સુધી આ બાબતની જાણ થાય તે માટે માઈક પર એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવ્યું. સ્વીપ કાર્યક્રમ અન્વયે અમરેલીના લાઠી રોડ સ્થિત દીકરાનું ઘર ખાતે યોજવામાં આવ્યા, વરિષ્ઠ નાગરિકોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અને ખાસ ઝુંબેશના દિવસો વિશે વિગતો આપવામાં આવી. અમરેલીના હાર્દ સમા સેન્ટ્રલ પોઈન્ટ વિસ્તારમાં રવિવારી બજારમાં SSR અન્વયે સ્વીપ કાર્યક્રમ યોજવામાં આવ્યા. આગામી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે લાઠી તાલુકાના દામનગર ખાતે આશા વર્કર, આંગણવાડી વર્કર, મધ્યાહન ભોજન સંચાલક, વ્યાજબી ભાવના દુકાનદાર સાથે યોજાયેલ બેઠકમાં મતદાતા જાગૃત્તિ માટે કરવાની થતી કામગીરી, શહેરી વિસ્તારના વધુમાં વધુ મતદાતાઓને કાર્યક્રમ અંગે જાણ થાય તેવા પ્રયત્નો કરવા સૂચના આપવામાં આવી. દામનગર બસ સ્ટેન્ડ ખાતે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ખાસ ઝુંબેશના દિવસોની જાહેરાત કરી નાગરિકોને જાણ કરવામાં આવી. સાવરકુંડલા અને બાબરા સહિત અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદારયાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરૂર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ www. voterportal. eci. gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે. ખાસ બાબત છે કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર ૨૪ માસની, તા.૧૭ રવિવાર, તા.૨૩ શનિવાર, તા.૨૪ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. આથી અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને મતદાતા યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલામાં જયાં નજર નાખો

વાતાવરણ સુંદર બને તેની માટે કડક સૂચનો કર્યા હતા. પરંતુ અધિકારીઓએ આ સૂચનોને અવગણીને કોઈ પગલાં લીધા નથી લાગતાં એવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગે છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટો આવી રહી છે છતાં શહેરની આ હાલત જોઈને લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. પાલિકાના ચીફ ઓફિસરથી લઈને સેનિટેશન ઈન્સ્પેકટર સુધી શહેરને સ્વચ્છ બનાવવાની પોતાની ફરજ ભૂલી ગયા કે શું? નગરસેવકો અને પાલિકાના પદાધિકારીઓ પણ આ સમસ્યા અંગે બેદરકાર વલણ અપનાવી રહ્યા હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. સ્વચ્છતા અંતર્ગત કાર્યક્રમો કરી જાગૃતિ લાવવા માટેની કામગીરી માત્ર કાગળો પર રહી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. શહેરના લોકો પાલિકા તંત્રને માંગ કરે છે કે તેઓ ગંદકીની સમસ્યાને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં ભરે. શહેરને સ્વચ્છ અને સુરક્ષિત બનાવવું એ પાલિકાની પ્રાથમિક જવાબદારી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભા પંથકની નિર્દોષ બાળકી સાથે

મોટા બારમણ તથા તેમની પત્ની જયોત્સનાબેન ઉર્ફે હેતુએ આ કામે ભોગ બનનારને ચોકલેટ આપવાના બ્હાને તેમના ઘરે બોલાવી ઘરનો દરવાજો બંધ કરી જયોત્સનાબેન ઉર્ફે હેતુએ ભોગ બનનારના પગ પકડી રાખી જગદીશભાઈએ તેમની સાથે ખરાબ કામ કરેલ હતું તે અંગેની ફરિયાદ ભોગ બનનારના પિતા ઘુસાભાઈ મનુભાઈ નાગરએ આપતા ખાંભા પોલીસ સ્ટેશ એ–પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૪૦૩૮૮/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એફ), ૬૫(૨), ૨૩૮(૨), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૦૪, ૦૬, ૧૦, ૧૭ તથા આઈ.ટી. એકટ કલમ ૬૭(બી) મુજબનો પોકસો, બળાત્કાર, છેડતી, દુષ્કર્મ અંગેનો ગુન્હો દાખલ કરેલ હતો.

જે અન્વયે મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીનાં જરૂરી માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનની ટીમે અલગ–અલગ દિશામાં ટેકનીકલ/હ્યુમન સોર્સનાં આધારે ગુન્હાના આરોપીઓ (૧) જગદીશભાઈ મનુભાઈ નાગર (ઉ.વ. ૨૫ રહે. નાના બારમણ (૨) જયોત્સનાબેન ઉર્ફે હેતુ વા/ઓ જગદીશભાઈ મનુભાઈ નાગર (ઉ.વ.૨૪) રહે. નાના બારમણને ડેડાણ ખાતેથી ઝડપી લેવામાં આવેલ છે.

આ કામગીરીમાં ખાંભા પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સ્પેકટર આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ અના એએસઆઈ ભરતભાઈ મુહાભાઈ વાળા તથા હેડ કોન્સ્ટેબલ કુમેશભાઈ શિયાળ તથા પોલીસ કોન્સ્ટેબલ મનિષભાઈ ઝાલા તથા પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ બોદર તથા પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ બુધેલા તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ઠાકર તથા પોલીસ કોન્સ્ટેબલ શિવરાજભાઈ લુણસર તથા પોલીસ કોન્સ્ટેબલ કિશોરભાઈ ખાચર તથા પોલીસ કોન્સ્ટેબલ પારૂલબેન દેવેરા તથા પોલીસ કોન્સ્ટેબલ અસ્મિતાબેન રવૈયા જોડાયેલ હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૨ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૯૬૫ | ૧૧૫૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૨૪૦ |
| ૨ | શિંગ મોટી | ૮૫૦ | ૧૨૮૬ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૮૭૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૪૦૬૧ |
| ૬ | જુવાર | ૪૬૨ | ૭૨૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૬૯ |
| ૮ | ઘઉં લોકવન | ૫૬૯ | ૬૯૧ |
| ૯ | અડદ | ૬૬૦ | ૧૫૩૨ |
| ૧૦ | ચણા | ૧૦૮૫ | ૧૩૬૧ |
| ૧૧ | ચોળી | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૧૨ | કપાસ | ૯૫૦ | ૧૫૭૦ |
| ૧૩ | એરંડા | ૧૧૨૮ | ૧૧૨૮ |
| ૧૪ | જીરૂ | ૪૧૫૦ | ૪૬૭૫ |
| ૧૫ | રાયડો | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૬ | ધાણા | ૧૧૪૦ | ૧૪૨૨ |
| ૧૭ | સોયાબીન | ૬૪૦ | ૮૪૭ |
| ૧૭ | રજકાનું બી | ૩૯૭૫ | ૪૫૨૫ |

### રાજકોટનાં સદ્ભાવના વૃધ્ધાશ્રમની સેવાની સુવાસ પ્રસરી

# અનાથ, નિ:સંતાન, નિરાધાર એવા વૃધ્ધોની સેવામાં વધુમાં વધુ લોકો જોડાઈ એ સાંપ્રત સમયની માંગ

### પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથાનો આગામી દિવસોમાં પ્રારંભ

રાજકોટ, તા. ૧૪

રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોનાં શુભાર્થે પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.વૈશ્વિક રામકથા ૨૩ નવેમ્બરથી શરૂ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ ૧ લાખ લોકો કથા શ્રવણ કરશે અને ૫૦ હજાર લોકો ભોજન પ્રસાદ લેશે.શ્રી કૃષ્ણ કહે છે કે, 'જે બીજાના દુ:ખને પોતાનું માનીને હંમેશા બીજાના દુ:ખ દુર કરવા પ્રયત્નશીલ રહે અને બીજાના સુખને પોતાનું માનીને એના સુખમાં વધારો કરવા પ્રયત્ન કરે એ મહાન યોગી છે. સંનિષ્ઠાપૂર્વક આવો યોગ કરવાની ભાવનાથી સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ વડીલોનાં દુ:ખને દુર કરવા માટે વર્ષોથી પ્રયત્ન કરી રહી છે. 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવની ભાવના ચરિતાર્થ કરવાના હેતુથી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા જામનગર રોડ રામપર ખાતે ૩૦૦ કરોડનાં ખર્ચે, ૧૧ માળ ધરાવતી ૭ બિલ્ડીંગનાં નવા વૃદ્ધાશ્રમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ સાથે વૈશ્વિક પર્યાવરણની શુદ્ધિ માટે કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવીએક સ્વસ્થ પર્યાવરણ બનાવવાનાં તેમજ સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષ વાવવાના સદભાવના વૃદ્ધાશ્રમનાં ભાવિ સ્વપ્નને સાકાર કરવા પગલાં માંડવા માટે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા યોજાઈ રહી છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે સામાજીક કેશારીરીક રીતે અશકત હોય તેવા કોઈપણ ઉંમરના વ્યકિતઓને સદભાવના વૃધ્ધાશ્રમ, નાતજાત કે




ધર્મના ભેદભાવ વગર, હરખભેર આવકારે છે. જો કોઈ નિરાધાર, નિ:સહાય, પથારીવશ કે બીમાર વ્યકિત ધ્યાનમાં આવે,તો તેને સદભાવના વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી શકાય છે. નિસંતાન, નિરાધાર, અપરિણત અને પથારીવશ વડિલો જયારે પોતાનાં રહયાં સહયાં જીવનને અભિશાપ ગણતા, દિવસો વિતાવતા હોય, તેવા એકલવાયા લોકો સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારના સભ્ય બન્યા પછી આયખાંના બાકી રહેલા દિવસો સુખ–શાંતિ અને હર્ષથી વિતાવતા, ચહેરા પર સ્મિત ધારણ કરેલા જોવા મળે છે. જે સદભાવના વૃધ્ધાશ્રમ માટે સંતોષની ચરમસીમા સમું દશ્ય છે. અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વૃદ્ધોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે. સેવાની ભાવના સમાજમાં વધુ પ્રસરે અને એ દ્વારા લોકો પોતાના માતા પિતાની પણ સેવા કરતા થાય એવા શુભ કાર્યમાં જોડાવવા સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે.

વૃક્ષો અને વૃદ્ધો બંને છાયા આપે છે. વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર–૨૪ થી તા. ૧ ડીસેમ્બર–૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા માનસ સદભાવના યોજાનાર છે. કથાનો સમય ૨૩ નવેમ્બરે સાંજે ૪ થી ૬:૩૦ વાગ્યા સુધી અને ૨૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૧૦થી ૧:૩૦ સુધીનો છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૩ | તલ સફેદ | ૧૯૫૨ | ૨૫૦૯ |
| ૪ | જીરૂ | ૪૩૭૫ | ૪૬૧૧ |
| ૫ | કપાસ | ૧૪૫૦ | ૧૫૬૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૪૧ |
| ૮ | બાજરો | ૫૯૪ | ૬૩૨ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૦૧ |
| ૧૦ | અડદ | ૮૨૩ | ૧૩૭૫ |
| ૧૧ | ચણા | ૧૦૨૫ | ૧૫૭૫ |
| ૧૨ | ધાણા | – | ૧૫૦૧ |
| ૧૩ | સોયાબીન | ૭૮૦ | ૮૪૪ |

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ ધ્યાન આપે

# સાવરકુંડલાથી વીજપડી માર્ગ અતિ બિસ્માર બનતાં વાહનચાલકોમાં રોષ

### યુધ્ધનાં ધોરણે માર્ગની મરામત કરવા માંગ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલાથી વીજપડી માર્ગ પર અનેક વખત રજૂઆત કરવા છતાં મસ્ત મોટા ખાડાઓ અધિકારીઓને દેખાતા નથી. માનવ જિંદગી મુશ્કેલીમાં અવારનવાર મુકાતી હોય છે કોઈના હાથ ભાગે, કોઈના પગ ભાંગે અન્ય નાની–મોટી ઈજાઓ થતી હોય છે. અવારનવાર અકસ્માત કરતા હોય છે પરંતુ જયારે જયારે રજૂઆત કરવામાં આવે છે ત્યારે એક બે ખાડા બુરીને જતા રહેતા હોય છે. પરંતુ સાવરકુંડલાથી બાઢડા, રામગઢ, લુવારા, ગોરડકા, ખડસલી, વીજપડી સહિતના તમામ ગામના મુસાફરો ટુ–વ્હીલર લઈને જતા સાવરકુંડલા ખાતે અથવા તો કોઈ પણ કામે નીકળતા વધારે પણ સમય લાગી જતો હોય છે અને વાહનને નુકસાની, માનવજાતને પણ નુકસાની વેઠવાનો વારો



આવતો હોય છે. અને હાલ પુલ તેમજ નાળા કામ ચાલુ હોય અને એક સાઈટ ખુલી હોય અને એક સાઈડ બંધ હોય અને એમાં પણ ખાડાઓ વિપુલ પ્રમાણમાં જોવા મળતા હોય વાહનવાળાને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. તો તાત્કાલિક અસરથી આ રસ્તાને રીપેર કરવા ઉગ્ર માંગ થવા પામી છે. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## મા કાર્ડ અને આયુષ્યમાન યોજનામાં

જેમાં દરેક બીમારીનો મફત ઈલાજ થવો જોઈએ, સરકારી PMJAY યોજના અંતર્ગત કામ કરતી હોસ્પિટલો કે જેમાં યોજનાનો ગેરલાભ ઉઠાવે છે એની સંપૂર્ણ તપાસ કરી કડકમાં કડક સજા થવી જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા
★ BA - MA - મેઈન ઈંગ્લીશ – મેઈન સાયકોલોજી – મેઈન સોસીયોલોજી
★ B.Sc. - M.Sc. માઈક્રોબાયોલોજી & BT ★ B.Com. - M.Com. બન્ને મિડીયમ
★ BBA - MBA & BCA - MCA સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – GTU & AICTE
★ ધો. ૧૧–૧૨ આર્ટસ મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – રાજયશાસ્ત્ર – અર્થશાસ્ત્ર
★ ધો. ૧૧–૧૨ સાયંસ & કોમર્સ બન્ને મિડીયમ ★ સાયંસ A ગૃપ & B ગૃપ
★ B.Pharm. - B.Ed. - PG DMLT ★ KG થી ધો. ૧૦ GSEB - ICSE બોર્ડ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 075

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૬૦ | ૧૫૫૮ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૧૧૧૩ |
| ૩ | ઘઉં | ૪૮૯ | ૬૫૧ |
| ૪ | ચણા | ૧૧૪૦ | ૧૪૧૦ |
| ૫ | છોલે ચણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૬ | સોયાબીન | ૫૯૦ | ૭૭૬ |
| ૭ | ધાણા | ૧૧૭૦ | ૧૨૮૧ |
| ૮ | વાલ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૯ | મેથી | ૮૫૦ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૪ | અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૫ | સોયાબીન | ૫૧૮ | ૭૭૫ |
| ૬ | ચણા સફેદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૭ | મગફળી | ૬૦૫ | ૯૭૦ |
| ૮ | ચણા | ૯૫૦ | ૧૨૦૫ |
| ૯ | શીંગદાણા | ૮૨૫ | ૧૧૪૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૨૧૦ | ૨૨૧૦ |
| ૧૧ | ધાણા | ૧૨૪૫ | ૧૨૪૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૮૫ |
| ૨ | મગફળી | ૧૧૨૭ | ૧૨૦૩ |
| ૩ | તલ સફેદ | ૨૦૯૫ | ૨૩૭૫ |
| ૪ | અડદ | ૧૧૮૦ | ૧૩૫૦ |
| ૫ | તલ કાળા | ૩૦૭૦ | ૩૬૦૦ |
| ૬ | જીરૂ | ૪૧૧૫ | ૪૬૨૫ |
| ૭ | ઘઉં | ૫૧૬ | ૬૩૪ |
| ૮ | ચણા | ૧૨૪૫ | ૧૩૨૫ |
| ૯ | સોયાબીન | ૭૭૨ | ૮૦૮ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૨ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૫૦૦ |
| ૩ | કપાસ | ૧૪૦૦ | ૧૫૨૫ |
| ૪ | બાજરો | ૫૩૫ | ૬૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૬૧૧ | ૭૮૦ |
| ૬ | જુવાર | ૮૨૮ | ૮૨૮ |
| ૭ | મગ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૮ | અડદ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૯ | તુવેર | ૨૦૨૬ | ૨૦૨૬ |
| ૧૦ | છોલે ચણા | ૧૭૨૧ | ૧૭૨૧ |
| ૧૧ | જીરૂ | ૪૪૫૦ | ૪૪૫૦ |
| ૧૨ | સોયાબીન | ૭૭૧ | ૮૧૧ |

# અમર ડેરી ખાતે ૭૧ માં અખીલ ભારતીય સહકાર સપ્તાહનો ધ્વજ લહેરાવી શુભારંભ કરાયો






ગુજરત રાજય સરકારી સંઘની દિશા નિર્દેશો અનુસાર અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલીના અમરડેરી ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ અને ટીમ સહકાર દ્વારા સહકાર સપ્તાહના શુભારંભ પ્રસંગે અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયાની અધ્યક્ષતામાં સહકારનો ધ્વજ ફરકાવી સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. આ સહકાર સપ્તાહ ૧૪ નવેમ્બર ૨૦૨૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ એમ ૭ દિવસ સુધી ચાલશે જેમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા વિવિધ સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ઉપાધ્યક્ષ અરૂણભાઈ પટેલ, અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા સમિતિના અધ્યક્ષ જીજ્ઞેશભાઈ રામાણી સંઘના યુવા સમિતિના ડાયરેક્ટરો, સહકારી અગ્રણીઓ અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.


## અમરેલીમાં મોઢ વણીક કોમ્યુનિટી પ્રોપર્ટી દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૪

અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી અને સુદર્શન નેત્રાલય દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ તા. ૧૪/૧૧/૨૪ના રોજ મોઢ મહાજન વાડી ખાતે જ્ઞાતિના પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન નીચે યોજાયો શરૂઆતમાં દિપપ્રાગટય તેમજ પ્રાસંગીક પ્રવચનો થયા બાદ કેમ્પ શરૂ કરવામાં આવેલ. આ તકે ડો. પલકબેન મોદી, રાજુભાઈ પરીખ, પંકજભાઈ ગાંગડીયા, કિર્તીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ. આ કેમ્પમાં ૪૯ દર્દીઓએ લાભ લીધેલ. જેમાંથી ૧૯ મોતીયાના દર્દીઓ તેમજ ૧ વેલના દર્દી હતા. મોતીયાના દર્દીઓને સુદર્શન નેત્રાલય ખાતે ઓપરેશન કરી આપવામાં આવશે. ચશ્માના નંબર વાળાને તો રાહતદરે ચશ્મા અપાશે. આ કેમ્પ એકવર્ષ સુધી દર મહિનાના બીજા ગુરૂવારરે થશે. આ ત્રીજો કેમ્પ હતો. આ કેમ્પમાં સુદર્શન નેત્રાલયના ડો. પલકબેન મોદી અને સ્ટાફ સેવા આપેલ તેમજ સંજયભાઈ પરિખે કાર્યક્રમને સફળ બનાવેલ તેમ યાદીમાં જણાવેલ છે.

## મોટા ભમોદરા ગામે તુલસી વિવાહ યોજાયા



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના ભમોદરા ગામે સુખરામબાપુ રામજી મંદિરના ઠાકોરજીના શુભ વિવાહનું આયોજન તારીખ ૧૨/૧૧/૨૪ના રોજ મોટા ભમોદરાના યજમાન અ. સે. લીલીબેન તથા કરશનભાઈ મોહનભાઈ બોઘરાનાનિવાસસ્થાનેતુલસી (વૃંદા) સાથે નિર્ધારિત કરવામાંઆવેલ આમ ભમોદરા ગામેરૂડાતુલસીવિવાહનોમાંગલિકપ્રસંગ યોજાયો. આપ્રસંગેરૂડાગીતો, મંડપમૂહુર્ત, ભોજનસમારંભતેમજજાનપ્રસ્થાનજેવા માંગલિકપ્રસંગોયોજાયા. ઉપસ્થિતકન્યા પક્ષનીબાલિકાઓએહરખથીઠાકોરજીને વધાવ્યા. અને ગોર મહારાજ દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે તુલસી વિવાહનો પાવન પ્રસંગ સંપન્ન થયો. જાન પ્રસ્થાન મોટા ભમોદરા સુખરામબાપુની જગ્યાએથીનીકળીમોટાભમોદરાનિવાસી કરશનભાઈ મોહનભાઈ બોઘરાના નિવાસસ્થાનેબપોરે ૧ કલાકેપહોંચીહતી. આમ તુલસી વિવાહના રૂડા પ્રસંગને ગ્રામજનો દ્વારા હરખેથી ઉજવણી કરવામાંઆવી.

### લાખો રૂપિયાની નુકસાનીનો અંદાજ

## જાફરાબાદનાં તલાવડી વિસ્તારમાં મચ્છીનાં માંડવામાં આગ લાગી

### અમુક વ્યકિતઓને ઈજા પણ પહોંચી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૧૪, જાફરાબાદના તલાવડી વિસ્તારમાં મચ્છી સુકવવા માટેનાં મંડપમાં અચાનક આગ લાગતાં લાખો રૂપિયાનુ નુકસાન થયાનુ અને અમુક વ્યકિતઓને ઈજા પણ પહોંચી હોવાનુ જાણવા મળેલ છે.

## અમરેલી : મોટર સાઇકલની નવી સિરીઝ GJ 14 BH, BF, ૦૦૦1 થી ૯૯૯૯ માટે એ.આર.ટી.ઓ. દ્વારા ઈ–ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા.૧૪

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારામોટરકસાઈકલનીનવીસિરીઝGJ 14 BH, BF, ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી નવેમ્બર– ૨૦૨૪ની તા.૧૯ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા. ૨૧ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા. ૨૧થી તા. ૨૩ નવેમ્બર ૨૪ સુધી રહેશે. ઈ ઓકશનનું પરિણામ તા. ૨૩/૧૧/૨૪ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરરાજી કરવાની રહેશે. આરબીઆઈ દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટકાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમઆઈએસથી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ. ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વીમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે. તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## સરકારે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઝુંબેશ શરૂ કરી

નવી દિલ્હી, તા.૧૪

પેન્શન એ આવકનો એકમાત્ર સ્ત્રોત છે, જેના પર ઘણા લોકો નિવૃત્તિમાં આધાર રાખે છે. ઘણાનું જીવન આ માસિક પેન્શન પર આધાર રાખે છે. પરંતુ પેન્શન મેળવવા માટે દર વર્ષે જીવન પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. વૃદ્ધ લોકો ખાસ કરીને શારીરિક સમસ્યાઓ ધરાવતા લોકો માટે જીવન પ્રમાણપત્ર સબમિટ કરવું મુશ્કેલ હોય છે. હવે સરકાર આ સમસ્યાના ઉકેલ માટે આગળ આવી છે. કેન્દ્ર દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે, જે અંતર્ગત પ્રથમ દિવસે ૧.૮ લાખથી વધુ પેન્શનરોએ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવ્યા છે. પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ દ્વારા દેશભરમાં ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અભિયાન દેશના ૮૦૦ શહેરોમાં ચાલી રહ્યું છે. આ અભિયાન ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ચાલશે. સરકારના આ અભિયાનના પ્રથમ દિવસે ૧.૮૧ લાખ વરિષ્ઠ નાગરિકોએ ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવ્યા છે. જીવન પ્રમાણપત્ર ૩૦ નવેમ્બર સુધીમાં જમા કરાવવાનું રહેશે. જેઓ બેંક અથવા અન્ય કોઈ કેન્દ્રની મુલાકાત લઈને જીવન પ્રમાણપત્ર સબમિટ કરી શકતા નથી તેઓ જીવન પ્રમાણપત્ર ઓનલાઈન મેળવી શકે છે. કેન્દ્રના જણાવ્યા અનુસાર, આ અભિયાનમાં ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા આ માટે ટેક્નિકલ સપોર્ટ આપશે.

આમાં વરિષ્ઠ નાગરિકો ઘરે બેઠા એન્ડ્રોઈડ અને iOS મોબાઈલ પર ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરી શકે છે. આ નવી પહેલ સાથે, સરકારે પેન્શનરો માટે એક નવો રસ્તો ખોલ્યો છે, જે તેમને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરવાની તક આપશે.

## ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ સતત વધ્યો

મુંબઈ, તા.૧૪

ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ સતત વધી રહ્યો છે. BCCIના ઈનકાર બાદ પાકિસ્તાની ક્રિકેટરો ગુસ્સે છે અને સતત નિવેદનો આપી રહ્યા છે. હવે આ વિવાદમાં દિગ્ગજ ક્રિકેટર શાહિદ આફ્રિદી પણ કૂદી પડ્યો છે. તેણે ભારતનું નામ લીધા વગર ભારત પર નિશાન સાધવાનો પ્રયાસ કર્યો છે.

આફ્રિદીએ ચેમ્પિયન્સ ટ્રોફીને ક્રિકેટ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું. તેના મતે, ૧૯૭૦ પછી પહેલીવાર ક્રિકેટ સૌથી મોટા પડકારનો સામનો કરી રહ્યું છે. આ સાથે જ તેણે BCCIનું નામ લીધા નિશાન સાધ્યું છે. આફ્રિદી પહેલા બાસિત અલી અને રાશિદ લતીફ સહિત ઘણા પાકિસ્તાની ક્રિકેટરો પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી ચૂક્યા છે. સલાહ આપતાં પૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદીએ કહ્યું હતું કે 'ક્રિકેટની રમત નિર્ણાયક મોરચે ઉભી છે અને કદાચ ૧૯૭૦ પછી સૌથી મોટા પડકારનો સામનો કરી રહી છે. આ સમય છે કે આપણે આપણા મતભેદો ભૂલી જઈએ અને રમતગમત માટે એક થઈએ. જો આપણે આપણા વિભાજનને ભૂલીને ઓલિમ્પિક માટે ભેગા થઈ શકીએ છીએ, તો પછી આપણે ક્રિકેટ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેમ ન કરી શકીએ.' આફ્રિદીએ આગળ ભારત પર નિશાન સાધ્યું અને કહ્યું, 'ક્રિકેટીંગ નેશન તરીકે, આપણી જવાબદારી છે કે આપણે આપણા વિચારોને કાબુમાં રાખીએ અને ક્રિકેટના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ.' લગભગ ૨૮ વર્ષ બાદ પાકિસ્તાન ICC ટૂર્નામેન્ટનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ માટે તેણે ઘણો ખર્ચ પણ કર્યો છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને આશા હતી કે તે આ ટૂર્નામેન્ટમાંથી ઘણી કમાણી કરશે. પરંતુ ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન ન મોકલવાના BCCIના નિર્ણયને કારણે હવે તેને મોટું નુકસાન વેઠવું પડી શકે છે. હવે તેની પાસે માત્ર એક જ વિકલ્પ બચ્યા છે. કાં તો તે હાઈબ્રિડ મોડલની માંગ સ્વીકારે, નહીં તો ચેમ્પિયન્સ ટ્રોફી બીજા દેશમાં શિફ્ટ કરી દેવામાં આવશે.

બે બોર્ડ વચ્ચે સંઘર્ષ વધવાના કિસ્સામાં, તેને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવો જોઈએ. આ ત્રણેય સ્થિતિમાં પાકિસ્તાનને નુકસાન થશે. આનાથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મળનારી ફીમાં ૬૫ મિલિયન ડોલર એટલે કે લગભગ ૫૪૮ કરોડ રૂપિયાનો ઘટાડો થશે. જો ચેમ્પિયન્સ ટ્રોફી અન્ય દેશમાં શિફ્ટ થાય છે અથવા રદ્દ થાય છે, તો ફી નહીં મળવા ઉપરાંત સ્ટેડિયમના ખર્ચમાં પણ નુકસાન થશે.

# સોમનાથ કાર્તિકી પૂર્ણિમા મેળામાં ત્રીજા દિવસે ૩ લાખ જેટલા સહેલાણીઓ પધાર્યા






સોમનાથ ટ્રસ્ટ આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળાના ત્રીજા દિવસે મેળાનું સ્વરૂપ પોતાની ચરમસીમાએ પહોંચ્યું હતું. માત્ર ભેગા મળે જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો કાર્તિકી પૂર્ણિમાનો મેળો માણવા સોમનાથ દાદાનાસાનિપ્રયમાં પહોંચ્યા હતા સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશાળ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવેલ હોય લોકો નિશ્ચિંત પણે મેળામાં પ્રવેશી પોતાના પરિવારો સાથે મેળાનો સાત્વિક આનંદ માણી રહ્યા હતા. ત્રીજા દિવસે મેળાનું સેથી મોટું આકર્ષણનું કેન્દ્ર વિપ્રસિદ્ધ લોકગાયક કિર્તીદાનભાઈ ગઢવીનો લોક ડાયરો હતો. કિર્તીદાનભાઈ ગઢવીએ સોમનાથ મહાદેવની આરાધનાથી શરૂ કરેલ લોક ડાયરો મધ્યરાત્રી સુધી અનેક જૂના લોકગીતો, ભક્તિ ગીતો, શોર્ય ગીતો, દેશભક્તિના ગીતો સાથે સોળે કલાએ ખીલ્યો હતો. અને તેમાં પણ જયારે સોમનાથ મહાદેવની આરતી કિર્તીદાનભાઈ ગઢવીના મુખે ગવાતી હોય લાખો શ્રદ્ધાળુ એકઠા થયા હોય ત્યારે લોકોએ પોતાના ફોનની ટોર્ચ લાઈટ શરૂ કરી ડિજિટલ આરતી કરી હતી. તેમજ આરતીના અંતે જય સોમનાથ અને હર હર મહાદેવનો નાથ જયારે એકી સાથે લાખો શ્રદ્ધાળુઓએ કર્યો ત્યારે મેળામાં આવનાર સૌ કોઈએ શિવત્વનું સાનિધ્ય પ્રાપ્ત કર્યુ હોય તેવી અનુભૂતિ થઈ હતી. મેળાના ત્રીજા દિવસે પણ નાના બાળકોની રાઈડ્સ, ખાણી પીણી, રાચરચીલું, ઈન્ડેકસ–સી હસ્તકલા અને લલિત કલા ગેલેરી, સહિતના તમામ એકમો અને વેપારીઓને અદભુત પ્રતિસાદ મળ્યો હતો. વેપારની અંદર ઉત્તરોત્તર પ્રગતિ જોઈ વેપારીઓ પણ આનંદિત થયા હતા. સાથે જ વેપારીઓના જણાવ્યા અનુસાર પ્રતિ વર્ષની સાપેક્ષમાં લોકોની ખરીદ શક્તિ વધી હોય તેઓ વેપારીઓને સ્પષ્ટ અનુભવ થયો હતો. આમ લોકોની સુરક્ષા અને સુખાકારીને કેન્દ્રસ્થાને રાખીને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત કલા વ્યંજન અને આનંદથી ભરપૂર કાર્તિકી પૂર્ણિમા મેળાને લોકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.

## પાલિકાનાં શાસકો સ્વચ્છતા અભિયાનને ઘોળીને પી ગયા

# સાવરકુંડલામાં જયાં નજર નાખો ત્યાં બસ ગંદકી જોવા મળે

**સાવરકુંડલાને સુવર્ણ નગર બનાવવા માટેની પાલિકાનાં શાસકોની કોઈ તૈયારી જોવા મળતી નથી**

**શહેરની એક લાખ જનતા પાલિકા અને સરકારની તિજોરી નાણાથી ભરે છતાં પ્રાથમિક સુવિધા મળતી નથી**

**વિકાસની માત્ર ગુલબાંગો ફેંકીને સત્તા સુખ માણનારને વાસ્તવિકતા સામે નજર કરવી નથી**

**પાલિકાનાં શાસકો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા હોય ધારાસભ્યએ ઢોલ પીટીને જગાડવા પડશે**



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં વ્યાપેલી ગંદકીની સમસ્યા એ હદ પાર કરી છે. પાલિકા તંત્રની બેદરકારીના કારણે શહેરના મુખ્ય માર્ગોથી લઈને છેવાડાના વિસ્તારો સુધી ગંદકીનું સામ્રાજય ફેલાયું છે. દિવાળી અને નવું વર્ષ જેવા તહેવારોમાં પણ શહેરના રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળી રહી હતી. વાહન ચાલકોને આ ઉડતી ડમરીઓના કારણે વાહન ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે અને ।સ લેવામાં પણ તકલીફ પડી રહી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લી ગટરો, કચરાના ઢગલા અને પાણી ભરેલા ખાબોચિયાઓ સામાન્ય બની ગયા છે. આ સ્થિતિમાં મહામારી ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. જાગૃત નાગરિકોએ આ સમસ્યા અંગે સ્વચ્છતા અને વિકાસમાં માનનારા ધારાસભ્યને રજૂઆતો કરેલ હતી અને તેમણે અધિકારીઓની મિટિંગ બોલાવી સ્વચ્છતા જળવાય રહે અને શહેરનું

અનુસંધાન પાના ૬ ઉપર

## દેવાયતભાઈ ભુરાભાઈ કનાળા નામના

# લાઠીનાં કૃષ્ણગઢ ગામનાં યુવકનું માર્ગ અકસ્માતમાં મોત નિપજયુ

**બાઈક સ્લીપ થતાં કપાળનાં ભાગે ગંભીર ઈજા પહોંચી**

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાના કૃષ્ણગઢ ગામે રહેતા દેવાતભાઈ ઉર્ફે દેવાયતભાઈ ભુરાભાઈ કનાળા નામનાં ૪૧ વર્ષિય તા.૧૩ના રોજ સાંજના ૭ થી ૮ વાગ્યા દરમ્યાન પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.-૦૫ એફએલ-૧૧૬૨નું પુરપાટ ઝડપે બેફીકરાઈ રીતે ચલાવી રોડ ઉપર અચાનક મોટર સાયકલ સ્લીપ થતા પોતાને માથાના કપાળના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજયું હતું.


જોઈએ છે

કોમ્પ્યુટર ઓપરેટર..........૨

CorelDraw, Photoshop, PageMaket-7,

તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦

અમરેલી એક્સપ્રેસ

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)

ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨


## અમદાવાદની ખ્યાતી હોસ્પિટલનાં સંચાલકો સામે રોષની આંધી

# મા કાર્ડ અને આયુષ્યમાન યોજનામાં ભ્રષ્ટાચાર રોકવા માટે કસુરવાનો સામે કડકમાં કડક કાર્યવાહી કરો

**અમરેલીમાં આમ આદમી પાર્ટીએ કલેકટર મારફત સીએમને આવેદનપત્ર પાઠવ્યુ**

અમરેલી, તા. ૧૪

અમરેલી જીલ્લા કલેકટર મારફત આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે માં કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ જેવી યોજનામાં ભ્રષ્ટાચાર રોકવા ખ્યાતી હોસ્પિટલના સંચાલકો પર દાખલો બેસે તેવી કડકમાં કડક સજા કરો. અને ગુજરાતના સરકારી દવાખાનાઓ અને હોસ્પિટલોનું આધુનીકરણ કરો.

વધુમાં જણાવેલ છે કે PMJAY યોજના અંતર્ગત કામ કરતી હોસ્પિટલો દ્વારા Ma Cardમાંથી તો પૈસા લેવાય છે ઘણી બધી હોસ્પિટલો દ્વારા દર્દી પાસેથી ઉપરથી કેશ પણ લેવામાં આવે છે, તો આની સંપૂર્ણ તપાસ કરી હોસ્પિટલ અને ડોકટરને



કડક સજા થવી જોઈએ. ઘણી બધી હોસ્પિટલનું PMJAY Cardનું Payment રેગ્યુલર આવે છે, ઘણી બધી હોસ્પિટલનું Payment ઘણા લાંબા સમય સુધી આવતું નથી તો આવું કેમ થાય છે, એની તપાસ થવી જોઈએ, સરકારી હોસ્પિટલોમાંથી ઈલાજ મારફત કરવામાં આવે છે. તો Ma Card મા શા માટે ઓપરેશન કરવામાં આવે છે, ગુજરાતમાં PMJAY Card હેઠળ હોય ઓપરેશન કે ઈલાજ થતો હોય તો એ બંધ થવું જોઈએ અને સંપૂર્ણ તપાસ કરી કડક સજા થવી જોઈએ.

વધુમાં જણાવેલ છે કે ગુજરાતની સાડા છ કરોડ જનતાને મફત ઈલાજ મળી શકે તે માટે દરેક સરકારી હોસ્પિટલમાં સાધનો, પૂરતા પ્રમાણમાં ડોકટરો અને દરેક તાલુકા વાઈસ સંપૂર્ણ સુવિધા વાળી ૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવી જોઈએ.

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

67,700/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૧૪/૧૧/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL

Managed by Netra Chikitsa Trust - Amreli

(ગોળ હોસ્પિટલ)

WE ARE HIRING!

COMPUTER OPERATOR

JOIN OUR BEST TEAM

Female staff

Good package

Time : 9 to 2 and 5 to 8


Fresher and exp staff can apply

Send Your Resume To Us

dr.arpanjani@gmail.com

73596 32121, 9978966629

MORE INFORMATION www.nctamrelihospital.com


જુના માર્કેટયાર્ડમાં

દુકાન વેચવાની છે...

અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.

:: સંપર્ક કરો ::

શ્રી જેરામભાઈ સોહેલીયા

મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



Sheetal

પ્રસંગ ખાસ, શીતલ છાશ, બોલશો હાશ...






6 લીટર પાઉચમાં ઉપલબ્ધ

73000 51000


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)